શ્રી નવિન

મનહર મોતી.

અત્યુત્તમ નવલ કથા.

વાંચવા યોગ્ય

નોવેલ.

લખનાર.

ગોવિંદરામ ભાઈરામ જોશી.

છપાવી પ્રગટ કર્તા.
કેશવલાલ મગનલાલ ડુંગરવાળા
અમદાવાદ.

છાપ્યું શ્રી જીવનલાલ અમરસિંહ પ્રેસ—અમદાવાદ.

શ્રી નવિન.

મનહર—મોતી.

(અત્યુત્તમ નવલ કથા)

લેખક.

ગોવિંદલાલ બાલાભાઈ—ચોકશી.

પ્રકાશક,

કેશવલાલ મગનલાલ દુધવાળા

ઠે. કાળુપર—અમદાવાદ

આવૃતી પહેલી.

સવત ૧૯૬૨ સને ૧૯૦૬

અમદાવાદમાં

ધિ ચીમનલાલ પ્રિન્ટીંગ પ્રેસમાં

પટેલ બેહેચરભાઈ ગોવીંદરામે છાપી.

મુલ્ય ફક્ત ચાર આના

પ્રસ્તાવના.

આ કલ્પિત નવલકથા બ્હાર પાડવાનો પ્રથમ અમારો હેતું એ છે જે કેટલાક માણસો પૈસાના લોભથી માણસ પરિક્ષા કર્યાશિવાય ગુણીકાના પ્યારમાં પડી ખ્વાર થઇ જઇ શરીરની તેમજ આબરૂની તેમજ પૈસાની ખુવારી કરે છે. છતાં ખબર પડતી નથી અને વ્યાજના લોભમાં ભરાઇ જઇ તેની કપટ જાળમાં ફસાઇ પડે છે અને આખરે મરણની અણીપર આવી જાય છે. અને ભણાવવાથી તથા કેળવણી આપવાથી તથા પરદેશ વેડવાથી શાશા ફાયદા મળે છે તથા સ્રી પતિનો વર્મ કેવો છે એ વિગેરે લખાંણ લખી આ પુસ્તક આર્ય બંધુઓની સમક્ષ બ્હાર પાડવાનો નીંર્ણય કર્યો છે તો બંધુઓ આ વારતાનો યોગ્ય સાર ગ્રહણ કરી શેવકને આભારી કરશો અને ભુલચુક વીગેરેને સુધારી વાંચવા કૃપા કરશો એજ.

લી. શેવક.

ગોવિંદલાલ બાલાભાઇ ચોકસી

ઠા. ઢાળની પોળ જગાભાઇની પોળ

અમદાવાદ.



K. M. MILKWALLA.

મનહર-મોતી

(અત્યુત્તમ નવલકથા)

દોહરો

દેખી મન લપટાઈને પડ્યો હોમમાં ખાસ;
દામ ખુશીથી ધીરીને ગયો તે તણી પાસ.

નતિન નગર શહેરમાં એક ધનાઢ્ય વણીક રહેતો હતો તેનું નામ માણેકચંદ હતું તેને એક છોકરો અને એક છોકરી હતી તેની સ્ત્રીનું નામ ધનબાઈ હતુ માણેકચંદ પાસે લગભગ એક લાખ રુપિઆની સંપતી હતી તેમાં થી પોતે શરાફની દુકાન ચલાવતો હતો. માણેકચંદે પોતાની દુકાન ચલાવવા સારૂ બે ગુમાસ્તા રાખ્યા હતા એ બે ગુમાસ્તામા એકનુ નામ મુળીઓ હતું અને બીજાનુ નામ ધુળીઓ હતું આ માણેકચંદ શેઠની ઉમર લગભગ ૩૫ વર્ષની હતી. શેઠ પોતાની દુકાનનુ કામ ઘણી સભાળથી કરતા હતા. નામુઠામુ વીગેરે વહીવટ પોતે પોતાને હાથેજ કરતા હતા. ગુમાસ્તા તો ફક્ત રુપિઆ લઇ આપવા અગર આગી આવવા માટેજ રાખ્યા હતા શેઠનુ ચીત દુકાનમાં ઘણું જ સારૂ હતું આ માણેકચંદ શેઠ શરાફની દુકાન ચલાવતા હતા તેની સાથ વ્યાજ વટ્ટાનો ધંધો પણ કરતાં હતા. આ દુકાન ચાલતી હતી તેવામાં તે ગામમા રહેનારી એક ગુણકા તેની દુકાન ઉપર આવી અને બોલી શેઠજી આપકી પાસ અશ્રી રુપએકી છુટ હયે ?

માણેકચંદ—હા ઘણી કે રુપિઆની કાંઇ અમારી દુકાને ખોટ છે ...—આપ ... રુપે ... ઓગે ?

મનહર-મોતી

(અત્યુત્તમ નવલકથા)

દોહરો

રોગી મન લપટાઇને પંડયો રોમગં ખાસ;
દામ ખુશીથા ધીરીને ગયો તે તણી પાસ.

નવિન નગર શહેરમાં એક ધનાઢ્ય વણીક રહેતો હતો તેનુ નામ માણેકચંદ હતુ તેને એક છોકરો અને એક છોકરી હતી. તેની સ્રીનુ નામ ધનબા હતુ માણેકચંદ પાસે લગભગ એક લાખ રૂપિઆની સંપતી હતી તેમાં થી પોતે શરાફની દુકાન ચલાવતો હતો. માણેકચંદે પોતાની દુકાન ચલાવવા સારૂ બે ગુમાસ્તા રાખ્યા હતા એ બે ગુમાસ્તામા એકનું નામ મુળીઓ હતું અને બીજાનું નામ ધુળીઓ હતુ આ માણેકચંદ શેઠની ઉમર લગભગ ૩૫ વર્ષની હતી. શેઠ પોતાની દુકાનનુ કામ ઘણી સભાળથી કરતા હતા. નામુઠામુ વીગેરે વહીવટ પોતાને હાથેજ કરતા હતા ગુમાસ્તા તો ફક્ત રૂપિઆ લઇ આપવા અગર આપી આવવા માટેજ રાખ્યા હતા શેઠનુ ચીત દુકાનમાં ઘણું જ રહ્યુ હતુ આ માણેકચંદ શેઠ શરાફની દુકાન ચલાવતા હતા તેની સાથે વ્યાજ વટ્ટાનો ધંધો પણ કરતાં હતા આ દુકાન ચાલતી હતી તેવામાં તે ગામમા રહેનારી એક ગુણકા તેની દુકાન ઉપર આવી અને બોલી શેઠજી આપકી પાસ અબી રૂપૈઓકી જરૂર હૈ ?

માણેકચંદ—હા ઘણું છે પણ આની કાંઇ અમારી દુકાને જોઇએ

ગુણકા—અચ્છા ... રૂપૈયા ચાહીએ.

માણેકચંદ—શું વ્યાજ આપશો અને શું ચીજ લાવ્યા છો અને કેટલા રૂપિઆ જોઇએ છીએ તે કહો.

નન્નીજાન—(ચીજ કાઢીને) યેહ હયે ઇસ્કે પે મેરેકું પાંનસો રૂપે ચઇતે હયે બોલો આપદઓગે વ્યાજતો મેં શઉકારી દઉગીયેહ મેરી ચીજ હયે વો સાત સો ઉપરાંત કી હયે.

માણેકચંદ—નહિં એ વ્યાજતો ઘણુંજ ઓછું પડે હું તો દોકડો વ્યાજ લઇશ.

નન્નીજાન—(સ્વગત) આ શેઠ ઘણો લોભી લાગે છે. મારે દોકડો વ્યાજ આપીશ એમાં આગળ ઉપર મને ઘણો ફાયદો થશે એમ તો એની રીતભાત ઉપરથી [illegible] પડેછે. મા ટે કરવા દે [illegible] એમ ધારી બોલી અછા [illegible] દોકડા વ્યાજ લેના મગર મેરે કું એક ચીઠ્ઠી કર દેના કે [illegible] તોલદાર અમને ઇતના વ્યાજ સે ઇતના રૂપયા દે કે ગીરવી [illegible] હો.

માણેકચંદ—અરે ઘણી ખુશીથી (મુનીમ તરફ જોઇને) [illegible] ચીઠ્ઠી લખ અને [illegible] આ [illegible] પેટીમા મુકને આમને પાનસો રૂપિઆ ગણી આપ આપણું એક મહીનાનું વ્યાજ અગાઉથી કાપી લેજે

નન્નીજાન—[illegible] બાબા સેઠ [illegible] વ્યાજ કાટ [illegible] હો.

માણેકચંદ—એતો અમારો વાણીઆનો રીવાજ છે અમારે તો પેહેલું એ વ્યાજ આપવું છે અને પછી એ વ્યાજ આપવું છે તમે શા માટે ગભરાઓ છો.

નન્નીજાન—ગભ [illegible] કુછ નહિ હયે મગર રીતમેં આપ [illegible] હમ તો ગરીબ માણસ હયે હમ કુછ ભણેલે ગણેલે બી નહિ હયે જો કુછ તુમ કરોગે વોહ મેરે કુબુલ [illegible] મગર દગલબાજી મત કરના.

માણેકચંદ—અરે એ શું બોલ્યા ધરમ પ્રમાણે વરતીશું તમે તમારે બેલાશક તમારી મરજી ફાવે ત્યારે રૂપિઆ અને વ્યાજ ઠરાવ્યું છે તે આપી લઇ જજો એમાં કાંઇ અમારાથી ના કહેવાય તેમ છે તમારો [illegible] [illegible] [illegible]

[illegible]

વાણીઆ છીએ અમે તો અમારા હકનું જ લઇશું અમારે વધારે લેવું નહિં એ ધરમથી પ્રતિજ્ઞા છે.

નજી.—જબ અચ્છા ઇમાનસેં ચલના (એમ કહી રૂપિઆ ગણી-લઈ પોતાના નોકરને આપ્યા બાદ પોતે બેશીને આવી હતી તે બગીમાં બેશી ગઇ અને પોતાના મકાન તરફ રવાના થઇ ગઇ)

ગુણીકાના ગયા પછી શેઠ વીચાર કરવા લાગ્યા કે આવી રી-તે દર એક મહીનામાં સો બસો આવે તો દર મહીને પાનસો રૂ-પિઆ ઘર બેઠા મળે અને આનન્દના દીવસ જાય આ ધંધો કરવો ઘણો સારો છે વળી હું તેને ભાગવી ગુણીકા કે તમારી ઓળખાણ પીછાણમા હોય તો ખુબીની સારી આસામી ત્યા લાવજો આગળ તમને રૂપિઆ આપ્યા છે તે પ્રમાણે તેમને પણ આપીશું આ પ્ર-માણે કાલ પરમ દહાડે જઇ નન્નીજાનને કહી આવીએ તો તેમને બરાબર ગોઠવણ કરી આપશે એમ વિચાર કરી શેઠ પોતાની દુકાન બંધ કરી અને નાણું લઇ તથા વળતે દહાડે ગુમાસ્તાને વીદાય કર્યા. અને શેઠ પોતાના ઘર તરફ રવાના થયા બીજે દી-વસે શેઠ પોતાના દુકાને બેઠા વિચાર કરવા લાગ્યા કે હવે ગુણીકાને ત્યાં કયારે જાઉં અને તેને કહું કે તું મને તારા જેવા બીજા શા-હુકાર કરી આપ એવે તે કદાચ મારી પાસે લાગ માગશે તો હું તેને આપવાને ખુશી છું પણ તે આદમી મેળવી આપે તો ઠીક થાય. આ પ્રમાણે મનમા ને મનમા હજારો વિચાર કરતો હતો તે-થી પોતે આજ ને આજ જવુ એમ નક્કી કરી હુકાને નહિ જ-વું એમ નકી કર્યું અને ગુણીકાના ઘર તરફ જવા નીકળ્યો

પ્રકરણ ૨ જું.

ગુણીકાનું મકાન.

દોહરો.

આજ મારે વ્હાલથી, મળ્યો નન્નીને હાલ;
આશાથી, ... [illegible]

પૈસાનો લોભી શેઠ પોતાને ઘેરથી નીકળી આ નન્ની જાનકુખુકાને ત્યાં તાબડતોબ આવી ઉભો રહ્યો. નન્નીજાનનું મકાન બંધ હતું તેથી નીચેથી હાક મારી નન્નીજાનને બારીએ બોલાવી અને મકાન ખોલાવ્યુ બાદ શેઠ માળપર દાખલ થયા. નન્નીજાને શેઠને આનેલા જાજો ગાદી ઉપર બેસાડ્યા અને તેમને હદથી જાદે આવકાર આપવા લાગી. અને બોલી—

કેમ શેઠજી, આજ આપનાં પગલાં આ બાજુ થયાં છે? આપે આવી આજ મારૂ ગરીબનુ ઘર પાવન કર્યું છે તેથી આપનો હું મારો આભાર માનું છું.

માણેકચંદ—ના નહિ હુ તો સેહેજ આવ્યો છું માહારે તમને એટલુંજ કહેવા છે કે આપને ઘણાં માણસોથી સબંધ હશે.

નન્ની—હજી મ્હારે ઘણા માણસોથી સબંધ છે આપને શું કામ છે તે કહેશો?

માણેકચંદ—કામ તો બીજાનું કાંઈ નથી પરંતુ આપ જેવી રીતે મારે ત્યા દાગીના મુકી ગયા હતા તેવી રીતે બીજા લોકોને નાણાનો ખપ હોય તો આપણે ત્યાજ દાગીના મુકી જાય અને પૈસા લઇ જાય તેવો બંદોબસ્ત કરી આપો.

નન્ની—અરે શેઠજી એ શું બોલ્યા. હાલને હાલ કરી આપું એમા જરા પણ વાંધો આવે નહિ.

માણેકચંદ—ત્યારે જલદી કરી આપો મારે ઉતાવળ છે. મારે ઘેર જવાનો વખત થવા આવ્યો છે માટે જલદી થાય તો ઠીક.

નન્ની—(શેઠને ત્યાં હુ દાગીનો મુકી આવી છું અને વધારે વ્યાજ આપવાનું કરી આવી છુ તેથી શેઠને લાભ-લાગ્યો લાગે છે માટે લાવ શેઠને માટે આઠ આના રૂપિઓ ખરાબ કરૂં. એમ ધારી બોલી—શેઠજી મેં મારી દાસીને મોકલી હતી તે એની ખબર લઇને આવી કે તેઓ બાહાર ફરવા ગએલાં છે. માટે તેઓ આવશે કેટલે હું આપની દુકાન ઉપર લઇને આવીશ શેઠજી મ્હારે આપને કહિને હજાર રૂપિઆ પૈસા કરાવવા એ મારી ફરજ છે મ્હારે તો આપને આજે

સંબંધ થયો છે તો હું આપને ન્યાલ કરાવી નાંખીશ. શેઠજી પણ મ્હારૂં કાંઈ ધાર્યું પડશે સમજ્યા કે ?

માણેકચંદ—અરે ગાંડી એ શું બોલી. તો ચોથો ભાગ આપીશ તું મારૂ કામ કરે અને હું તને ન પેદા કરાવુ એ શુ મારૂં ભુશણુ છે.

નન્ની—કાંઇ નહિં શેઠજી મને આપનો બરોસો છે. ગાપ જે કરશો તે વ્યાજબીજ કરશો. આપ કુળવાન માણસ કદી દગો દોજ નહિં એવી મને ખાત્રી છે.

માણેકચંદ—નન્ની તારે કોઇ વાતે ગભરાવુ નહિં તું મને પેદા કરાવીશ તો હું તને ખુશીથી ભાગ આપીશ એમાં મ્હારૂં કાંઇ જવાનુ છે.

નન્ની—(વિચાર કરવા લાગી) અરે મુરખ તું મારા ઘરમાં આવતો થયો છે તો પછી તું કયાં જનાર છે હવે હું તને બરાબર નીચોવી મુકીશ યાદ રાખજે (પ્રકાશ) રૂપાળી. આમ આવ.

રૂપાળી—કેમ બાઇ મને કેમ બોલાવી છે ?

નન્ની—જા શેઠ માટે પાન સોપારી લીમલેટ સોડા વિગેરે લાવ શેઠ આપણે ત્યાં ઘણે દીવસે આવ્યા છે.

માણેકચંદ શેઠ તો રૂપાળીને જોતાજ ડંખ પામી ગયા અને વિચાર કરવા લાગ્યા કે નનની કરતાં આ " રૂપાળી "ઘણી સરસછે. રૂપાળી સાથે કદાચ ચોકઠું બેશી જાય તો ઠીક થઇ જાય પણ તે શી રીતે બને મારાથી તેને કેમ કહેવાય. હું કહુ પણ તે શી રીતે માને પણ રૂપાળી હજી પંદર વર્ષની છે હજુ તે સંસારની વાતો પણ બીલકુલ જાણતી નથી. પણ ઠીક છે ધીમે ધીમે થઇ પડશે રાત દહાડો નન્ની પાસે આવ્યા કરીશું એટલે ફાવી જઇશુ.

આ પ્રમાણે માણેકચંદ શેઠ પોતાના હૃદયગત વિચાર ધારતા હતા એટલામાં રૂપાળી રમઝુમક કરતી ત્યા આવી ઉભી રહી અને સોડા લીમલેટ પાનસોપારી વિગેરે લાવી મુકી દીધુ અને બોલી.

બાઈ સાહેબ કાંઇ બીજું જોઇએ છીએ.

નન્ની—કાંઈ જોઇતું નથી પણ તું કયાં જાય છે બેશ અહીં બેશ, આ શેઠ આવ્યા છે એમને સોડા પા, લીમલેટ પા, પાન

આપ, એમની ખાતર ક , ..ડ ઘણા સખસ છે શેઠ ઉદાર જીવના છે એમની ઉપાંતા આગળ બીજા સેઠીઆઓ ઝાંખ મા છે.

માણેકચંદ—નન્નીજાન મને તાન આટલી બધી ઉપમાન આપો છું એટલી બધી કંઈ માને લાયક નથી.

નન્ની—નહિ જી કેમ લાયક, નથી આપ લાયક નથી તો શું બાસ બીજી મા લાયક છે. આ શું બોલો છો એ તો જેવું મા-ણસને શોભે એવું અને તો બોલી એ શેઠજી ગુણીકામાં જ્યારે અત્યંત ગુણ હોય ત્યારેજ તેનું નામ ગુણીકા ધારણ થાય છે કાંઈ ગુણ વિના ગુણીકા નામકા નામણ થતું નથી ગુણીકા એટલે ગુણોથી ભરેલો ભંડાર. એનું નામ ગુણીકા સમજવા મારા મેહેરબાન.

આટલું કહે છે એટલામાં રૂપાળીએ સોડા લીમલેટ વીગેરેની બાટલીઓ ફોડી તૈયાર રાખી હતી તે તેણે શેઠના હાથમાં આપી અને બોલી—

રૂપાળી—લીજીએ હજુર સેઠ લીમલેટ ખુશીશે પીજીએ,

આ પ્રમાણે કહ્યું એટલે માણેકચંદ શેઠ હૃદયમાં હરખથી બહુ ફુ-લાવવા લાગ્યો અને એમજ સમજી ગયો કે "રૂપાળી" મને અ-ત્યંત ચહાય છે માટે આ ઠેકાણે જરા રોફ પાડીશું તો ઠીક પડશે. એમ ધારી જરા રોફના બોલવા લાગ્યો.

માણેકચંદ—રૂપાળી તું તારી શેઠાણી જોડે આપણી દુકાન ઉપર આવજે તું શા માટે આવતી નથી (નન્ની તરફ જોઈને) નન્ની જાન રૂપાળીને આપણી દુકાન ઉપર શા માટે લા-વતા નથી ?

નન્ની—જી. એ નાની ઉમરની છે તેથી હું લાવતાં ડરૂં છું. બચ્ચું છે. વખત પર કોઈની દ્રષ્ટી ... થાય મળી અને ભાગી જાય તો મારૂં તો ઘર ભાંગી પડે તેથી ડરી સાથે લાવતી નથી અને ઘરમાંજ રહેવા દઉં છું. મ્હારો હુકમ તેને ઘરમાંથી બહાર નીકળવાનો નથી.

માણેકચંદ—શું મ્હારી દુકાને તમારી જોડે ગાડીમાં આવશે. તો ફરકત છે અરે મારી દુકાને આવતાં કોઈ તેનું નામ દેતો

તેનો જાન કાઢી નાખું અને તેને સર [illegible] સમજ્યાં.

નન્ની—તો ઘણી ખુશીથી લાવીશ. પરતું સેઠજી અગે તો આબ-રૂથી ડરીએ છીએ (સ્વગત) સેઠ રૂપાળી માટે બરાબર રીતે પલળશે માટે આસ્તેથી કામ કાઢીશ તો મારો બે-ડો પાર થઇ જશે એમ ધારી બોલી (પ્રકાશ) રૂપાળી શેઠને પાન સોપારી આપ અને વીદાય કર કારણ કે તેમને વખત ઘણો થઇ ગયો છે (શેઠ તરફ જોઇને) શેઠજી તે લોકો આવશે અને તેમને જાણુસ [illegible] રૂપિઆ જોઇતા હશે તો હું તમારી દુકાને તેમને લઇને આવીશ આપ બે ફીકર રહેજો હવે એ બધી ફીકર મને જ છે. તમને બે પૈસા પેદા કરાવવા એ મારી ફરજ છે. માટે આપના ઘર તરફ પધારો વખત ઘણો થઇ ગયો છે.

આ પ્રમાણે કહ્યું એટલે શેઠ પોતાના ઘર તરફ જવા સારૂ નીકળ્યા નીકળતાં નીકળતા [illegible] સાડુ વારે ઘડીએ જોવા લાગ્યા તેથી નન્નીને બરાબર વહેમ પડી ગયો કે સેઠનું મન રૂપાળી ઉપર લલચાયું છે પણ એકદમ કામ કરવું ધારીશ તે નહિ બને માટે ધારી રહી કરીશ તો સઘળું ઠીક થઇ જશે અને તેની મીલકતની માલીક હું થઇ જઇશ. આ પ્રમાણે વીચાર ધારી તેજ વિચારમાં લુબ્ધ બની ગઇ

પ્રકરણ ૩ જું.

માણેકચંદની ગુણિકાથિ ખ્વારી.

દોહરો.

ભ્યાજ માટે ભટકતો, ગુણીકાને ત્યાં રોજ;
રૂપાળીના પ્યારમાં, પડસો આંગળો રોજ.
મુડી ગુમાવી ગાંઠથી, હેતું કીધું સાથ;
નવ સમજ્યો અંધો કંઇ, આરપ્યો પ્રિતે હાથ.

માણેકચંદ શેઠ તે દીવસે ગુણીકાને ત્યાંથી પોતાને ઘેર આવ્યા પરંતુ તેના [illegible] જરા પણ [illegible] પડવા લાગ્યુ નહિં. તેનો જીવ ખાસ રૂપાળી માટે તલપા મારતો [illegible], રૂપાળી માટે

શેઠને મનમાં એમજ વિચાર આવતા હતા કે ગમે તેમ થાયપરંતુ રૂપાળી સાથે હરકોઈ ઉપાયે મ્હોબત બાંધવીજ તેમ શેઠના મનમાં દરરોજ થયા કરતું હતું તેથી શેઠ વ્યાજ વીગેરેનાં બ્હાનાં શોધી આ નન્નીજાનને ત્યાં દરરોજ જવા લાગ્યા. નન્નીજાનને ત્યાં દરરોજ શેઠ આવતા હતા તેથી નન્નીજાન જાણતી હતી કે આ ભલો વાણીઓ મારી જાળમાં જરૂર ફસાસે કારણ કે અક્કલના ખજાનાને રૂપાળી માટે ઘણુંજ દીલમાં થયા કરે છે પરંતુ તેનાથી બોલી શકાતું નથી માટે આજે જો કદાચ શેઠ આવશે તો હું તો ઓરડામા ચાલી જઈશ અને રૂપાળીને તેની પાસે રાખીશ. એટલે શેઠને ને રૂપાળીને કાંઈ પણ વાત કરવાને પ્રસંગ મળશે. આ વિચાર જે મે ધાર્યો છે તે બરાબર છે. આગળ ઉપર વળી જોઈ લેવાશે એજ અક્કલનો ખજાનો પોતાની સર્વે મીલકત મને આપી દેશે અને રૂપાળીના પ્યારમા લુબ્ધ બની જશે. આ પ્રમાણે નન્નીજાન વીચાર ધારતી હતી એટલામા શેઠ ભભકા સાથે નન્નીજાનના મકાનમાં દાખલ થયા આ વખતે નન્નીજાને પોતાનુ મકાન જાણી જોઈને ખુલ્લુ મુકયુ હતુ અને પોતે સમજતી હતી કે એ કન્જુસ હમણા થોડીવારમા આવશે એમ સમજીને ખુલ્લુ મુક્યુ હતુ તેથી શેઠ ફકડમા ને ફકડમાં માળ પર ચઢી આવ્યો અને બોલ્યો—

નન્નીજાન તમે તો મને કોઈ પણ ગ્રાહક નહિ મેળવી આપ્યું વાહ તમારો ભરશો આતોજ કે ?

નન્ની—કેમ શેઠજી એમ બોલો છો હું તમારા માટે મેહેનત કરીને મરી જાઉં છું અને તમે વળી મને ઠપકો આપો છો. લ્યો આજે મે એક ગ્રાહક મેળવ્યુ છે તેને જણસો ઉપર રૂપિઆ દસ હજાર જોઈએ છીએ બોલો તમારી પાસે છે (સ્વગત) ઠીક તોપ મારી છે જો એ શું કહે છે.

માણેકચંદ—અરે એ શું બોલ્યાં મારી પાસે રૂપિઆની ખોટ હોય! આખા ગામમાં મારા જેટલા રૂપિઆ કોઈ બીજા પાસેથી કાઢી આપો તો તમને ખરા કહું.

નન્ની—નહિં શેઠજી મે જાંનતી હું કે તમે પૈસાદાર છો તમારા જેટલા પૈસા આખા શેહેરમાં કોઈની પાસે નહિંજ નીકળે.

તેવી અને બરાબર ખાત્રી છે. ઠીક ત્યારે શેઠજીને હું પેહેલા બોલાવી લાવું એટલે તમે તેના દાગીના જુઓ અને તેને રૂપિયા ધીરજો પણ મેરા કુચ્છ અંદર ધારના શેઠજી સમજો કે.

માણેકચંદ—અરે તું તારે બે ફીકર રહે જા જા જલદી કર આવું સરસ કામ છે ને શા માટે ભુલે છે. વ્યાજ માટે મને રૂપિએ પૈસો કરાવી આપજે.

નન્ની—અરે શેઠજી કેમ ભુલો છો એ રૂપિએ બે પૈસા આપે તેવાં છે જો જો પૈસો એસો કાંઇ બોલી દેતા એ તો હું પાસે રહીને તમને બરાબર બંદોબસ્ત કરી આપીશ હું તમને અને મને ફાયદો થશે એમજ કરીશ સમજ્યા બાગ મેહેરબાન ત્યો હને હુ તેને બોલાવવા માટે જાઉંછું આપ અહિં જ બેસજો (રૂપાળી તરફ જોઇને) રૂપાળી શેઠને જે ચીજ જોઇએ તે લાવી રજુ કરજો.

રૂપાળી—વારૂ બાઇ સાહેબ જેવી આપની આજ્ઞા.

આ પ્રમાણે કહી નન્નીજાન બીજા ગ્રાહકને બોલાવવાનું બાનું કાઢી બાહરના ઓરડામાં ચાલી ગઇ અને માણેકચંદ તેજ ત્યાના ગાદી જ ગાદી ઉપર બેસી રહ્યા પછી રૂપાળીને કહેવા લાગ્યા

માણેકચંદ—રૂપાળી તારા શેઠાણી કટલે દુર ગયાં છે? ને કયારે આવશે.

રૂપાળી—(વિચાર કરીને) શેઠજી એમને આવતાં તો વાર લાગશે ઓછામાં ઓછી બે કલાક તો થશે જ.

માણેકચંદ—(ઠીક લાગ આવ્યો છે) ત્યારે મારે તો ઘેર જવાની ઉતાવળ છે હવે કેમ કરીશ તેના આવ્યા વિના તો જવાય જ નહિ.

રૂપાળી—બેસોને શેઠજી લીમલેટ સોડા પાન સોપારી ખાતા થાઓ ત્યા સુધીમા તે આવશે. આપ કહેતા હો તો સરબત લાવું મારાં બાઇ કાલે ઉંચી જાતનું સરબત લાવ્યા છે તો આપ કહેતા હોતો લાવી રજુ કરૂં

માણેકચંદ—કેવી જાતનું સરબત છે?

રૂપાળી—ગુલાબનું સરબત છે.

માણેકચંદ—ત્યારે લાવ જો એ જરા જોઇએ તો ખરા.

માણેકચંદ—ત્યારે લાવ જો એ જરા જોઇએ તો ખરા.

રૂપાળી—લાવું શેઠજી પણ એ સરબત તો સોડા કે લીમલેટ શી-
વાય તમારાથી નહિં પી શકાય કારણ કે તે ઘણી ઉંચી
જાતનું છે.

રૂપાળી—(ઠીક થયું કે મુરખો પોતાની મેળેજ માગે છે જો આજે
તેને સ્વાદ પડશે તો પાછો ફરીથી પણ કોઇ બીજી વ-
ખત માગશે અને બીજી વખત માગશે ત્યારે આપણો
બેડો પાર થશે) હા લાવું ઘણી ખુશીથી.

એમ કહી અંદરના ઓરડામાં જઈ એક વિલાયતી દારૂની
બાટલી લઇ શેઠની પાસે આવી રજુ થઇ અને બોલી—

લ્યો શેઠજી આ સરબત

માણેકચંદ—બે ગ્લાસમાં કાઢો કારણ કે હું એકલો નહિં પીઉં
આપણે બંને પીશું.

રૂપાળી—મને શરબત પીવાની આદત બીલકુલ નથી

માણેકચંદ—ત્યારે મ્હારે પીવાની કાંઇ જરૂર નથી.

કાંઇ નહિ શેઠ તમારી મરજી એમ છે તો એમ કરીએ
લ્યો બે ગ્લાસમાં કાઢું છું પછી કાંઇ વાંધો છે.

માણેકચંદ—નહિ તેમ કરશો તો કાંઇજ વાંધો નથી.

આ પ્રમાણે વાત કરી બંને ગ્લાસમાં આશરે પાશેર પાશેર
વજન જેટલો દારૂ નાખ્યો અને એક એક લીમલેટની બાટલી
નાખી પછી એક પ્યાલો શેઠને આપ્યો અને બીજો પ્યા-
લો પોતે લીધો પછી બન્ને જણા ગટ કરી ગયા પછી
રૂપાળી બોલી—

રૂપાળી—કેમ શેઠજી કેવું સરબત છે ?

માણેકચંદ—આ સરબત ઘણુંજ મોળું છે, સરબત તો ઘણાંજ
ગળ્યાં આવે છે ને આ સરબત જરા તીખાશવાળું કેમ
લાગે છે.

રૂપાળી—આ સરબત ખાસ વીલાયતી છે. એટલે તે પીવામાં એ-
વુંજ હશે પણ તેની લેજત કેવી છે ?

માણેકચંદ—શું તેની લેહેજતની વાત કહું આજ મારૂં બદન તો
આનંદમાં છે પરંતુ રૂપાળી તું મારૂં કહેલું માનીસ.

રૂપાળી—શું કહેવા માગો છો શેઠજી

માણેકચંદ—કહેવાનું તો એટલું જ છે કે હજુ તારી શેઠાણીને આવવાની વાર હશે કેમ ?

રૂપાળી—હાજી હજી દોઢ કલાક આશરામાં ઓછી વાર લાગશે—

માણેકચંદ—ઠીક ઠીક. પણ રૂપાળી. તું મ્હારાથી મ્હોબત રાખે તો કેવું સારૂં હું તને ન્યાલ કરી દઈશ પણ તારી શેઠાણી આ વાત જાણે નહિં નહિં તો ભોગ મળી જશે.

રૂપાળી—અરે આપ કેમ ગભરાઓછો એ યુક્તિ બધી મારી પાસે છે તમે તમારે રોજ અહિં આવતા રહેજો તમે આવશો એટલે હું મારા શેઠાણીને ગમે તે બાનું કાઢી બ્હાર વીદાય કરીશ અને કદાચ જાણશે તો શું થઈ ગયું હું કયાં એની ફબાયલી છું. (સ્વગત) (મારો રોયો ઠીક ઠેકાણે આવ્યો છે હવે એની મુડીના માલીક થવાને જરા પણ વાર નહિં લાગે એ લોભીઆના પૈસા જ્યારે હું ખાંઉ ત્યારે જ મારૂં નામ રૂપાળી છે.

માણેકચંદ—ત્યારે વિચાર હોય તો ઉતાવળ કર નહિં તો વાત બગડી જશે માટે જલદી થાય તો ઘણું સારૂ.

રૂપાળી—ના શેઠજી માહારા બાઈને આવવાનો વખત થયો છે.

આ પ્રમાણે વાત કરે છે અને નન્નીજાનને આ વાતની સઘળી ખબર પડે છે એટલે અંદરની રૂમમાથી ચુપકી રીતે બહાર નીકળી, જાણે કે બ્હારથી આવતી હોય નહિં તે માફક થઈ શેઠ પાસે આવી ઉભી રહી અને નરમ સબ્દથી બોલી.

શેઠજી હું ત્યા જઈ આવી તે લોકો કાલે આવશે દાગીના પણ સાથે લેતા આવશે માટે આપ કાલે આ વખતે જરૂર પધારજો

માણેકચંદ—વારૂ કાલે આ વખતે આવીશ લ્યો હવે હું જાઉ છું.

આ પ્રમાણે કહી માણેકચંદ શેઠ ત્યાથી એકદમ નીચે ઉતર્યા અને પોતાના ઘર તરફ રવાના થવા લાગ્યા.

બીજા દીવસનું પરોઢીયુ થયુ એટલે શેઠ તો રૂપાળીનીજ માળા જપવા લાગ્યો વ્યાજની વાત તો તદ્દન ભુલીજ ગયો અને તેને તો રૂપાળીનીજ ઝંખણા હૃદયમાં લાગી રહી હતી તેથી પેલો આશામી આવવનો હતો તેથી વ્યાજ ખાવાના બાને ટાઈમસર તેના મકાને જઈ પોહોંચ્યો. એટલે ગુણીકા એ એક ઠાકુ ઉભું કરી રાખ્યું હતું તેમને સેઠની પાસે લાવી ઉભું કર્યું અને ન-

ન્નીજાને પોતાના દાગીના તેને આપ્યા હતા તે તેણે શેઠને ઠગ્યા શેઠ તો પોતાના દીલમાં આ દાગીનાને જોઇ છક જ બની ગયો વળી બાર૮ રૂપિઅે બે પૈસા નક્કી કર્યું હતું તેથી વધારે આનંદ માનવા લાગ્યો ગુણીકાએ તે દાગીના તે માણસના હાથે અપાવરાવ્યા અને રૂપિયા લેવા સારૂ એક માણસને શેઠ સાથે તેનને ઘેર મોકલ્યું આ વાત થવાથી શેઠનો હરખતો દીલમાં સમાતો નહોતો પરંતુ રૂપાળી તરફથી તેનું દીલ દુખાતું હતુ તેથી તે તે તરફની ચિન્તા કરવા લાગ્યો

શેઠ હરરોજ નન્નીજાનને ત્યા જવા લાગ્યો લગભગ પાંચ વરસ સુધી લાગટ નન્નીજાનને ત્યાં જવા લાગ્યો. અતીશય દારૂની નીશામાં ચઢી ગયો નન્નીજાનથી છુપી રીતે શેઠે રૂપાળીને તમામ મીલકત આપી દીધી, પોતની મીલકત શેઠે રૂપાળીને આપી દીધી હતી તે વાત નન્નીજાનથી તો જરા પણ અજાણી નહોતી શેઠે રૂપાળીને નન્નીજાનના તેરહજારના દાગીના જે ગીરો મુક્યા હતા તે શુકાન્ત આપી દીધા અને તેના પ્યારમા મોજશોખમાં ફસાયો, વળી રૂપાળીએ બીજા વીશેશ રૂપિઆની માગણી કરી તો શેઠે બીજા વેહેપારીઓને ત્યાથી પચાસ હજાર રૂપિઆ દેવા કરી લાવી આપ્યા અને તદન ગરીબ બની ગયો. પોતાના બૈરાની કે છોકરાની જરા પણ દયા લાવી નહિં અને રૂપાળીના ફંદમાં હદથી જાદે ફસાયો અને પૈસા શેઠ પાસે આવી રહ્યા એટલે રૂપાળીએ તેને મકાનપર આવતો બંધ કર્યો. વળી નન્નીજાને જાણી જોઇને પોતાની ચીજોની માગણી કરી પરંતુ શેઠ પાસે પાઈ સરખી પણ નહોતી તેથી લાચારી ભોગવવા લાગ્યો અને છેક નિર્ધન બની ગયો.

પ્રકરણ ૪ થુ.

માણેકચંદનું મરણ અને તેના કુટુંબની નર્ધન સ્થીતી. અને છોકરાંના લગ્ન

દોહરો.

પ્રેમ થકી ઝટ આવતો ગુણકાને આ વાસ
ઝુડી જુબાવી ગાંઠથી દેતું દીકું ખાસ

મણું નીપજ્યું લોભમાં થયો જાતે ખુવાર
નિર્ધન જાતે થઇ ગયો થયો પછી લાચાર

માણેકચંદ શેઠ બીચારો આ કપાળીના પ્યારમાં તદ્દન ગરીબ બની ગયો તેની સ્ત્રી ધનબાઇ પણ બીચારી આ બીના જોઇ અત્યંત દીલગીર થવા લાગી માણેકચંદ શેઠે એક પોતાનું ઘર તથા ઘરની અંદરનું રાચ રચીલું શિવાય બીજું કાંઇ પણ રહેવા દીધું નહોતું અને સઘળું ગુણીકાને આપી દીધું હતું અને તે ઉપરાંત ઉલટું પચાસ હજારનું દેવું કર્યું હતું માણેકચંદને એક છોકરો અને એક છોકરી હતાં તેમાં છોકરાનું નામ મનહરલાલ હતું અને છોકરીનું નામ મતોક હતું છોકરો આ વખતે બાર વર્ષની ઉમરનો હતો અને છોકરી દસ વર્ષની હતી આ બન્ને બાળકોમાંથી એકેને માણેકચંદ શેઠે પરણાવ્યા નહોતા પરણાવવાની ધામધુમમાં હતા એટલામાં આ પ્રમાણે બન્યું ત્યાં તે વાત તદ્દન બાજુ પર જ રહી ગઇ અને પોતે દેવું કર્યું હતું તેની તેની ફીકરમાં દીવસે દીવસે સુકાવવા લાગ્યો. એકનું શરીર તદ્દન હાડપીંજર જેવું બની ગયું પથારીમાંથી ઉઠવાની પણ તેનામાં સત્તા રહી નહિ અને છેક મરણ શુધી આવ્યો પોતાના મોતની આખીરે આવી પોહોચ્યો હતો છતાં પણ તેની સ્ત્રી ધનબાઇ બીચારી મુસીબતે મુસીબતે કરીને તેની દવા કરતી પરંતુ શેઠને તો દીવસે દીવસે રોગે વધારો કરવા માડ્યો અને પછી સમજી ગઇ કે હવે મટવાની આશા હેજ નહિ ડાકતરે પણ તેની જીવવાની આશા તજી દીધી અને તેના ઘરના માણસોને સાફ સાફ કહી દીધું એટલે આખા ઘરના માણસો રોકકળાટ કરવા મંડી પડ્યા. ડાકતર ઘર આગળથી વીદાય થયો અને થોડીકવાર થઇ એટલે શેઠ દેવશરણ થઇ ગયા. એટલે શેઠના ઘરમાં રોકકળના નાદ શીવાય કાંઇ પણ બીજું તે વખતે જોવામા આવતું નહોતું. માણેકચંદ શેઠનું મરણ નીપજવાથી બીચારી ધનબાઇને અત્યંત શોક થવા લાગ્યો પોતાના બે છોકરાંમાંથી એક પણ પરણેલું નહતું તેથી તેને તો વિશે વિશેષ ચિન્તા થવા લાગી અને વીચાર [illegible] કે છોકરાને પરણાવવા તેને માટે મેં શીકર નથી [illegible] છોકરીને હાલ પરણાવ્યા વિના ચાલે તેમ નથી કારણ કે છોકરી ઉમર ૯-૧૦ દસ વરસની છે માટે એક [illegible]

બાદ તો તેને પરણાવી નાંખવી જોઇએ ન પરણાવું તો તેને કન્યાકાળવીતી જાય અને મારી આબરૂના કાકરા થઇ જાય છોકરો તો કદાચ કુંવારો રહેશે તો પણ હરકત નહિ પરંતુ છોકરીને તો અવશ્ય ગમ્મે તેમ કરી પરણાવવી જોઇએ એમ વિચાર ધારી પોતે પોતાના સગાને વચમાં રાખી પોતાનું રહેવાનું ઘર રૂપિઆ પાંચ હજાર માટે વેચી નાંખ્યું માણેકચંદના ગુજરી ગયાને બાર માસ થયા એટલે ધનબાઇએ સંતોકના લગ્ન પોતાની ન્યાતના એક ગરીબ વણીકને ત્યાં કર્યું. જો પૈસાદારને ત્યાં લગ્ન કરે તો મેહેરામણીના ઓછામાં ઓછા પાચ હજાર રૂપિઆ આપવા પડે તેમ હતું જેથી તેના લગ્ન ગરીબ વણીકને ત્યાં કર્યા હતા આ સંતોકના પતિનુ નામ ધીરજલાલ હતુ તેના બાપનું નામ ધરણીધર હતુ તેઓ બીચારા કમાઇને પોતાના ઘરનું ગુજરાન નીભાવતાં હતા, ધરણીધરને એમ આશા નહોતી કે મારા છોકરાના લગ્ન આ જમાનામાં થવાના છે તેમ હતુ પરંતુ પ્રભુ કૃપાથી પોતાના છોકરાના લગ્ન આવા કુળવાનને ઘેર થયા અને સારૂ વેવીશાળ મળ્યુ હતુ તેથી તેનો હર્ષ હૃદયમા સમાતો નહોતો ધીરજલાલ પંદર વર્ષની ઉમ્મરનો હતો તેણે ગૂજરાતી છ ચોપડી અને અંગ્રેજી ચાર ચોપડીઓ સુધી જ્ઞાન મેળવ્યુ હતું અને પોતાનો અભ્યાસ ચાલુજ રાખ્યો હતો, તેણે પણ ગૂજરાતી પાચ ચોપડી અને ઇંગ્રેજી ત્રણ ચોપડીઓ સુધી જ્ઞાન મેળવ્યું હતુ સંતોકે પોતાનુ લગ્ન થયા બાદ અભ્યાસ તજી દીધો હતો. કારણ કે છોકરીને પરણાવ્યા પછી ભણાવવી નહિ તેવુ તે લોકો સારી રીતે જાણતા હતા તેથી તેઓએ સંતોકનો અભ્યાસ મુકાવી દીધો હતો. સંતોકના લગ્ન થયાબાદ મનહરના લગ્ન માટે તેમની ન્યાતના એક ગૃહસ્થને ત્યાથી કહાણું આવ્યુ હતુ. કહાણું આવવાનુ કારણ માત્ર છોકરાની ચાલાકી અને ચપળતાજ હતું તેમજ મનહરે સ્કુલમાં બીએ સુધી અભ્યાસ કર્યો હતો તેથી આ ગૃહસ્થ મનહર માટે અંતરમા સારી ધારણા ધારતા હતા. જો કે તેના બાપના આચરણ અને તેની પૈસા માટેની સ્થીતિ જોવા જાય તો કોઇપણ માણસ કહાણું કહાવે તેમ હતું નહિ પરંતુ આનો ફક્ત મનહરના સારા આચરણ અને ભણતરને જોઇનેજ કહાણું, કહાવ્યુ હતું. કહાણામાં માત્ર એટલુંજ કહાવ્યું હતું કે—

ધનબાઇ તમારા દીકરા મનહરના લગ્ન અમારી દીકરી મોતી સાથે કરવા ખુશી છે. પેહેરામણી ન્યાતરીવાજ તેમજ અમારા તેમજ તમારા ઘરની આબરૂ પ્રમાણે દશ હજાર રૂપિઆ કરીશ જો તમારી ખુશી હોય તો આ આવેલા બ્રાહ્મણ સથે પ્રત્યુત્તર મોકલાવશો.

લી આપનો હેતસ્વી.
પીતાંબરદાસનાં દંડવત પ્રણામ.

ધનબાઇએ ઉપર પ્રમાણે બ્રાહ્મણના પાસેથી પત્ર લઇ વાચ્યો એટલે તેને અત્યંત આનંદ પ્રાપ્ત થયો અને પોતે ઘણીજ ભાગ્યશાળી છે એમ માનવા લાગી કારણ પોતાને ત્યાં કોઇ દસ હજાર પેરામણી આપીને લગ્ન કરે તેવું નહોતું તેથી તેને તે દીવસ તદન સોનો લાગ્યો. તેથી બ્રાહ્મણની સાથે તેણે કાહાવી મોકલ્યું કે જાવ પીતાબરદાસને કહેજે કે ધનબાઇએ કાહાવ્યુછે કે તમે જે કાહાણ કાહાવ્યુ છે તે તેમને કબુલ મંજુર છે માટે સારો દીવસ જોઇ લગ્નનો દીવસ જોવડાવજો આ પ્રમાણે બ્રાહ્મણ સાથે કાહાવી મોકલ્યુ એટલે બ્રાહ્મણ ખુશી થતો થતો પીતાબર શેઠ પાસે આવ્યો અને ઉપરની બીના કહી તેથી તેમણે બ્રાહ્મણો પાસે લગ્નનો દીવસ જોવડાવ્યો તેમજ ધનબાઇએ પણ પોતાના બ્રાહ્મણ પાસે લગ્નનો દીવસ જોવડાવ્યો જેથી લગ્નનો દીવસ ટુંક મુદતમાં આવ્યો તેથી તાબડતોબ શાહીત્યો તૈયાર કીધા. ધનબાઇને સંતોકને પરણાવવામા લગભગ બે હજાર રૂપિઆ ખર્ચ થયો હતો અને બાકી ત્રણ હજાર રૂપિઆ રહ્યા હતા તે તેણે મનહરના લગ્નમાં ખર્ચવાનો ઇરાદો રાખ્યો હતો, પોતાના ઘરની આબરૂ પ્રમાણે તેને ખર્ચ તો કરવોજ જોઇએ તેથી તેણે ઘસ રીતે સાચવી રાખ્યા હતા. તેથી તે ત્રણ હજાર રૂપિઆ મનહરના લગ્નમાજ ખરચ્યા હતા. અને તેને ટુંક મુદતમાં પરણાવ્યો. અને પેરામણીના દશ હજાર રૂપિઆ આવ્યા તેથી તેના હૃદયને કાંઇક હીંમત આવવા લાગી, પોતે ગરીબ હતી તેથી સંતોકને તેના સાસરે વીદાય કરી. દશ હજાર રૂપિઆ જે પેહેરામણીના આવ્યા હતા તે રૂપિઆમાંથી પાંચ હજારનુ પોતાનું ઘર ફરીથી વેચાણ લીધું અને બીજા રૂપિઆ ખર્ચ કરવા સારૂ પાસે રોકડ રાખ્યા કારણ કે પોતાનો છોકરો નાની ઉમરનો હતો તેમજ કાંઇ ઘરમાં પેદા કરીને લાવે તેવું હતું નહિ

તેમજ તેને બીજો કોઇ રસ્તો ગુજરાન નીભાવવાને હતો નહિ તેથી તેણે ચાર પાંચ હજાર રૂપિઆ ખોરાકી સારૂ રહેવા દીધાં હતા આ બન્ને છોકરાઓના પરણ્યા પછી લેણદારો ઉઘરાણી આવવા લાગ્યા અને અપશબ્દો બોલવા લાગ્યા જેથી ધનબાઇને અત્યંત ખોટું લાગ્યું ધનબાઇને ખોટું લાગ્યુ હતું તેના કરતાં મનહરને વિશેષ ખોટું લાગ્યુ હતુ અને તેના મનને એમજ નક્કી થયું કે પરદેશ જવું પૈસા પેદા કરવા અને લેણદારોના દેવા ચુકવવાં નહિ તો લોકોમાં આબરૂના કાકરા થઇ જશે તેમ ધારી તેણે પરદેશ જવાનુ નક્કી કર્યું હતુ. મોતીબાઇ પણ લગ્ન થતાં પછી તુરત પોતાના સાસરેજ રહેવા લાગી હતી. તેથી મનહરે પોતાની સ્ત્રીને કહ્યું કે, હું થોડા રોજમાં સ્ટીમર મારગે પરદેશ જવાનો છુ માટે તું ચિન્તા માત્ર દૂર કરી આનંદથી રહેજે અને મારા માતાજીની દીવસના બે વખત ખબર કાઢતી રહેજે, તેમનુ કામ હોય તો ખુશીની સાથે બજાવી લેજે. આ પ્રમાણે કહ્યું એટલે મોતી બોલી—મારા માથાના મુગટ હું તમને કેમ મારા આગળથી દૂર થવા દઉં જ્યાં તમે ત્યાં હું અને જ્યાં હું ત્યાં તમે તમારે માટે આ દેહ આ [illegible] છે તો પછી આપ દુઃખ ભોગવો અને હું અહિં સુખ ભોગવું એ શું શોભે? નહિ વ્હાલા તે તો શોભેજ નહિ. હું તો આપની અર્ધાંગના છું હું આપના ચરણની દાસી છું. હું તો આપની નોકર છુ. આપના દુઃખે દુઃખી છુ અને આપના સુખે સુખી છુ. માટે પ્યારા ગમે તેમ કરી મને તો સાથેજ રાખો આ પ્રમાણે કહ્યું એટલે મનહર બોલ્યો. વ્હાલી તુ ધીરજ રાખ ધીરજના ફળ મીઠા છે. તું મ્હારી સાથે આવી નાહક શા માટે દુઃખી થાય છે? હુ તને ત્યાં મારૂ નક્કી થયા બાદ જરૂર બોલાવીશ. પરંતુ સાથે લઇ જવી એ તો બનેજ નહિં. હુ ત્યાં એકલો હોઉં તો ગમે તે યુક્તી કરી પેદા કરવાનો રસ્તો શોધી કાઢું પરંતુ જો કદાચ તુ સાથે હોય તો મ્હારો જીવ ત્હારામાં ને ત્હારામાંજ રહે તને જોઇને મારાથી નોકરી થાય નહિ તેમ ધંધો પણ થાય નહિ અને ઉલટો નાની ઉમરમા ખરાબ થાઉં તેના કરતાં ત્યાં ઠેકાણું પાડ્યા પછી બોલાવું તો શું તને હરકત છે? જો તમે ઠેકાણું પાડ્યા પછી ન બોલાવો તો મને ત્હારા સોગન છે. મનહરે બોલ્યુ [illegible] તે પ્રમાણેજ કહ્યું માટે હું મને ખુશીથી

જવા માટે રજા આપ અને આનંદથી જવા માટે કહે કે કોઇ જાતની ફીકર આવે નહિં.

આ પ્રમાણે કહ્યું એટલે મોતી જરા વિચાર કરવા લાગી કે આ જે વાકયો કહે છે તે બરાબર કહે છે હું કદાચ હાલ તેમની સાથે જાઉં તો કોઈ પણ જાતના ઉદ્યમનું નક્કી થાય જ નહિ અને પાછળથીના હક પસ્તાવવુ પડે તેના કરતા મને તે પછી બોલાવે અને હું જાઉ તેના જેવું એકે નહિ એમ વીચાર કરી બોલી વારૂ પ્રાણનાથ વચન આપો કે મ્હારૂ ઠેકાણુ પડયા પછી તુંને જરૂર બોલાવીશ આ સાભળી મનહર બોલ્યો વ્હાલી આ મારો કોલ છે કે મ્હારૂ ઠેકાણુ પડયા પછી તુને ન બોલાવુ તો હું વચનનો જુઠો છું એમ સમજવુ આ પ્રમાણે મનહરે વચન આપ્યુ એટલે મોતી બોલી પ્રાણનાથ આપ કયારે અને કયે દીહાડે પ્રદેશ જવું ધારો છો અને કયે પ્રદેશ જશો તે કહેશો. મનહર બોલ્યો વ્હાલી હું પરમ દીવસે જવુ ધારૂ છું આજના સ્ટીમરમાં બેશી રવાના થઇશ હું પેરીસ તરફ જવા ધારૂં છું મ્હને એમ ખબર પડી છે કે પેરીસમા માગ મઘો ચાલે છે તેમજ ત્યા સુન્દરતા સફાઇ વિગેરે સારૂ છે તેથી તબીઅત પણ સારી રહેશે અને રોજગાર પણ સારો ચાલશે બોલો તમારી શુ ખુશી છે મોતી બોલી પ્રાણનાથ એ આપનુ કહેવુ સત્ય છે પેરીસ જેવું દુન્યામાં સુન્દરતાવાળુ અને સ્વચ્છતાઇ વાળુ શહેર કોઇ નથી ત્યાં વ્હેપાર પણ સારો ચાલે છે એવું હું સેહેજ સેહેજ જાણુ છું વ્હાલા આપ ખુશીથી જાવ મ્હારી તરફની આપ કોઈ વાતે ચિન્તા રાખશો નહિ આપ ત્યાં જઇ આપના વ્હેપારની વૃદ્ધી કરો જય મેળવો આનંદ કરો અને તુરત સારા પ્રસંગે આ વ્હાલીને વચનની ખાતર તે તરફ તેડાવજો જો જો વ્હાલા ભુલતા નહીં. વ્હાલા પોહોચ્યા પછી પોહોંચ્યાનો પત્ર તેમજ ઠેકાણાનો ખુલાસો લખી જણાવજો કે પત્ર લખવાને વાંધો આવે નહિ, આ પ્રમાણે કહ્યું એટલે મનહર બોલ્યો વ્હાલી તું કોઇ વાતે મુઝાતી નહિ મને કોઈ પણ વાત માટે તારે કહેવું પડશે નહિ હું સઘળું જાણું છું મોતી બોલી—વારૂ પ્રાણનાથ હવે હું મારા પીતાજીને ત્યાં જાઉં છું. વ્હાલા આપ પધારશો તે દીવસે સર્વેના રૂબરૂ મ્હારાથી લાજ મર્યાદા મુકી આપને મળી શકાશે નહિ, તેમજ વાત સરખી પણ થશે નહિ. માટે વ્હાલા

શું કહું છું આ દાશીને આપની તરફ બોલાવવા ચુકશો નહિ આ પ્રમાણે કહ્યું એટલે મનહરે તેનો હાથ પોતાના હાથમાં લઈ મોહે લગાડી કોડી કરી અને પોતાનો પ્યાર દેખાડયો. બાદ થોડોક વખત થયો એટલે મોતી પોતાને પિયેર ચાલી ગઇ પછી મનહરલાલ પોતાની માતા પાસે આગ્ના લેવા આવ્યો તો તેની માતાએ તેને કરવાં કરતાં મુશીબતે આગ્ના આપી અને બે હજાર રૂપિઆ ખર્ચ સારૂ આપ્યા અને પોતાની પાસે ફક્ત એક હજાર રૂપિઆ એક વર્ષ ખોરાક ચાલે એટલાજ રહ્યા. ત્રીજો દીવસ થયો સાંજ પડી એટલે મનહરલાલને તેની બ્હેન સતોકે કંકુનો ચાલ્લો કર્યો અને ચોખા ચોઢયા મનહરલાલે પોતાની ટ્રંકો બીસ્તરો વિગેરે મજુરને બોલાવી પેક કરાવ્યુ અને એક ગાડી મગાવી ટાઇમ થઇ જવાથી બંદર તરફ જવા માંડયું. મનહરલાલને બંદર સુધી વળાવવા સારૂ તેના સાસુ સસરા તેમજ તેની બેહેન તેમજ તેમજ તેનો બનેવી તેની માતા તેમજ તેના બીજા કેટલાંક સગાં વળાવવા આવ્યાં હતા સતોકને પોતાનો ભાઇ પ્રદેશ જતો હતો તેથી આંખમાથી પ્રેમનાં આંસુ નીકળવા લાગ્યાં તે જોઈ મનહરે સંતોકને પોતાની છાતી સરસી ચાપી લીધા તેને અત્યંત્ય હીંમત આપી છાની રાખી મનહરની માતા ધનબાઇની આખમાથી પણ ચોધારે આસુ વેહેવા લાગ્યા ટાઇમ થઇ જવાથી પોતાનો સામાન પોટર પાસે સ્ટીમરમાં મુકાવ્યો અને પોતે પણ સ્ટીમરમાં ચઢી બેઠો પોતાના સગા વાહાલાઓને દૂરથી પગે લાગવા મંડયો અને આવજો આવજો ના પોકાર થવા લાગ્યા. પછી તેના સગાઓ સ્ટીમર ઉપડયા પછી ઘર તરફ રવાના થયા.

પ્રકરણ ૫ મુ.

મનહરલાલનો પ્રદેશ.

દોહરો.

મન થકી મનહર ગયો પ્રેમ થકી પરદેશ
ત્યાં જઈ ઝટ ફાવીયો પત્ર લખ્યો ઝટદેશ

મનહરલાલ લગભગ એક મહીને પેરીસમાં આવી પોહોંચ્યો પેરીસમાં મનહરલાલને કોઇ ઠેકાણે પીછાંન નહોતી અને તે પેહેલ વેહેલે.જ પેરીસ આવ્યો હતો મનહરલાલની ઉમર આ વખતે લગભગ વીસ વરસની હતી. એટલે ભર જુવાની

જો હતો મનહરલાલ પાસે ફક્ત એક હજાર રૂપિઆ સીલીકમાં રહ્યા હતા. પેરીસ શેહેરનું ખર્ચ હદથી જાદે હતું ગરીબાઇ મુજબ જો તો પણ દરરોજ બે પાઉન્ડ ખર્ચ ઉપડે તેમ હતું તેથી તેને અતિશય ચિન્તા થવા લાગી કે ફક્ત મારી પાસે માસ દોઢ માસ સુધી ચાલે તેટલા નાંણાં છે જો માસ દોઢ માંસમાં સઘળા પૈસા વપરાઇ જશે અને કાંઇ પણ ઉધમ હાથ નહિ લાગે તો માહા મુસીબતનું કામ છે ઘેર પત્ર લખું તો પણ કોઇ મોકલી શકે તેમ નથી અને પારકા પરદેશમાં નોકરી એકદમ મેળવવી તે પણ બનવુ મુશકીલ થઇ પડશે. માટે જેમ બને તેમ કાંઇ પણ ઉધમનો પ્રાયત્ન કરવો જોઇએ નહિ તો માહા મુસીબતમાં આવી જઇશ. એમ ધારી પોતે બજારમાં દરરોજ જવા માંડ્યુ બજારમાં સર્વ વસ્તુઓ જોઇ દરેક વ્હેપાર જોયો તેના તેને સર્વથી ઉત્તમ મોતીનો વ્હેપાર લાગ્યો તેથી તેણે મોતી ખરીદવા માટે પુરતુ ધ્યાન રાખ્યું કેટલાક ઝવેરીઓથી પીછાન કરી મોતીનો ધંધો શીખ્યો. પોતે ચચળ હતો તેથી મોતીનો ધંધો સેહેલાઇથી શીખી શક્યો અને મોતીની પરીક્ષાના ફેરેલો નજરે કહેવાવા લાગ્યો પેરીસ પોહોંચ્યા પછી પંદર દીવસમાં મોતીના ધંધાના બરાબર માહેતગાર થઇ ગયો અને પોતાની પાસે પાનસો સાતસો રૂપિઆ વધ્યા હતા તેમાંથી ધંધો કરવા લાગ્યો પંદર દીવસ આવ્યાને થયા નહોતા એટલામા તો કોઇ ગરીબ માણસ લુગડાની ચીંથરી એ ચીટલા બે મોટા અને બે નાના મોતીના દાણા લઇ તેની પાસે આવ્યો તેમા મોટા બે દાણા તેની ધ્યાનમાં બરાબર બેશી ગયા અને તેના પોતાના દેશમા હજાર રૂપિઆ ઉપજશે એમ ધારી પોતે સો રૂપિઆમાં ખરીદી લીધા પછી પોતે મોટા બે દાણા રહેવા દઇ નાંના બે દાણા જે હતા તે વ્હેપારીઓમાં વેચ્યા તેના તેની પાસે બસો રૂપિઆ આવ્યા એટલે તેને છાતીમા હીમ્મત આવી પછી બે દાણા જે મોટા વધ્યા હતા તે દાણા દેશમા મોકલવાનો વિચાર કર્યો અને પોતાની માતા તથા બ્હેનને પત્ર લખવો તેમજ પોતાના સ્ત્રીને પણ પત્ર લખવો એમ ધારી નીચે પ્રમાણે પત્ર લખવો શરૂ કર્યો.

વ્હાલા માતુશ્રી તથા બ્હેન સંતોક વિગેરે—

હું ખુશી આનંદમાં છું મોતીનો વ્હેપાર કરવો શરૂ

કર્યા છે. બીજું મેં મોતીનાં બે દાંણા સાથે બેન્ગી કરી મોકલ્યા છે તેના આશરે તમને હજાર અગર બારસો રૂપિઆ ઉપજશે તો તે ઉપજાવી લેશો અને તમારા ખર્ચમાં જોયે તેમ લેશો બીજું એનન માર્ગ વતી બોલાવજો કાગળ લખો તો નીચેને સરનામે લખજો. મોતી પોંચ્યાનો જુવાબ તુરત લખજો એજ

લી. આપના બાળક,
મનહરના પ્રણામ.
ઠા. ઝવેરી બજાર પેરીશ.

મારૂં માતાજીને તો પત્ર લખ્યો હવે મારી વ્હાલીને પણ પત્ર લખવો જોઈએ એ માછલી જળવિના તરફડતી હશે એ ચાંદની ચાંદા વિના ચમકતી હશે, એ કોમળ ગુલાબનું છોડ હું માળી વિના કરમાઈ જતું હશે, હું કમા મારી વ્હાલી તદન બહાવરી બની ગઈ હશે માટે લાવ તેને પણ પત્ર લખી શાન્ત કરૂં.

વ્હાલી--

તારો પ્યારો પતિ અહિં આવી આજે ઝવેરાતનો વહેપાર શરૂ કર્યો છે તેમાં વિશેષ કરી મોતી ગરીબના ઉપર મારૂં ધ્યાન પહોંચ્યું છે અહિં મોતી ખરીદવાથી નાગો નહિ આગે તેમ લાગે છે હાલમાં થોડોક માલ ખરીદ્યો છે તેમાંથી બે મોતી સારા જોઈ મારા માતુશ્રી તરફ બેન્ગી કરી મોકલ્યા છે અને તેમના ઉપર પણ પત્ર લખ્યો છે. તું તેમની પાસે જતી રહેજે તેમનું કામ કરતી રહેજે અને તેમની આજ્ઞામાં રહેજે વ્હાલી હું તુને અહીં બોલાવત પરંતુ હજુ પૂરતી રીતે બંદોબસ્ત થઈ શક્યો નથી તેથી તને બોલાવવાનું જરા મોડું રાખ્યું છે ઠેકાણું પડયા પછી તુરત બોલાવીશ. તું કોઈ વાતે મુંઝાઈશ નહિ હાલ એજ

લી—તને હૃદયથી
ચાહાનાર
તારા પતિ મનહરના સલામ
ઠા. ઝવેરી બજાર-પેરીશ

આ પ્રમાણે બન્નો પત્ર અને મોતીની બેન્ગી તૈયાર કરી પોષ્ટમાં ગયો અને પત્ર અને બેન્ગી પોતાના દેશ તરફ રવાના કરી પોષ્ટથી પાછો વળ્યો પોતે મકાન નહોતું રાખ્યું તેથી એક સારૂં મકાન મહોલ્લાવાળું દરમહીને સો રૂપિયા ભાડું કરી રાખ્યું અને એ

આખું રાખી રસોઈ કરાવી જમવાનો ઠરાવ કર્યો હતો. લગભગ એક મહિનો થયો એટલે તેને મોતીના વ્હેપારમાં બીજા બે હજાર રૂપિઆ મળ્યા. જેથી પૈસા તરફનું દુઃખ તો તેનું જતુંજ રહ્યું. પરંતુ ઘર આગળ તેના પિતાજીનું પોણો લાખ રૂપિઆનું દેવું હતું તેથી તેને જરા જરા ચિન્તા હતી, પણ તેના હૃદયમાં હિંમત હતી કે થોડા ક મુદતમાં તે દેવું કાપી નાખું છું અને પ્રભુ કૃપાથી મુડી પણ જમા કરૂં છું અને મારા દાદાની જેવી આબરૂ હતી તેવી દુન્યામાં આબરૂ કાઢું છું પરંતુ તે સર્વ કરવું પરમકૃપાળુ પ્રભુના હાથમાં છે. પૅરીસ શહેરમાં જ્યા સુધી દર મહીને હજાર પેદા કરે ત્યાં સુધી એક પાઈની પણ પોતાની પાસે મુડી થાય તેમ નહોતું કારણ કે પોતે પોતાની ખાધી, ઘરનું ભાડું, પરચુરણ ખર્ચ વિગેરે મળી લગભગ દર મહીને એક હજારમાં જરાપણ ઓછું થાય તેમ નહોતું છતા પણ હીંમતવાન મનહર હીંમત રાખી ખુશીની સાથે ત્યા રહેવા લાગ્યો અને ધમધોકાર પોતાનો વેહેપાર ચલાવવા લાગ્યો.

એક મહીનો થયો એટલે ઉપર લખેલા બંને કાગળ ધનબાઈને ત્યાં આવ્યા અને બેન્ગી પણ આવી તે ઉપરથી ધનબાઈ એમ સમજી કે આ બેન્ગી શાની હશે ! કાગળમા શું લખ્યુ હશે ! તે વીગેરે જાણવાને અધીરી બની ગઈ હતી તેથી ધનબાઈએ પોતાનો કાગળ ત્વરાથી ફોડી સઘળાની રૂબરૂ વાચ્યો. વાચીને સઘળાના શોક દૂર થયા અને હર્ષ ઉત્પન થયો. મોતીબાઈએ પણ પોતાના પતિનો પત્ર સાસુથી દૂર જઈ ચુપકાથી વાંચી લીધો અને સારા સમાચાર હતા તેથી આનંદ માનવા લાગી પરતું મોડુ તેડાવવાનુ લખ્યું હતું તેથી તેને ચિન્તા થવા લાગી અને તેડાવવા માટે હાલને હાલ કાગળ લખું એમ વીચાર ધાર્યો. ધનબાઈ એ પણ કાગળ વાચી રહ્યા પછી બેન્ગી તોડી તો તેમાથી લખવા મુજબનાં બે મોતી નીકળ્યાં તે મોતી માટે તેને વિચાર થયો કે અહિં મારા ઘરમા આ મોતી વેચી આપે તેવું કોઈ નથી. માટે આ મોતી હવે મ્હારે કોની પાસે વેચાવવાએ માટે એને ઘણીજ ફીકર થવા લાગી. અને છેવટે એમ વિચાર ખરો લાગી કે આ મોતી ધીરજલાલ શિવાય કોઈ વેચી આપી શકે તેવું નથી માટે ધીરજલાલને કહી તેમનીજ હાથે મોતી વેચાવવાં એમ વીચાર ખ્યાલ રાખ્યો. મોતીબાઈએ પત્ર વાંચ્યા પછી પોતાના પતિને પોતાને જલદી બોલાવવા સારૂ પત્ર અને કવિતા લખવી નીચે પ્રમાણે શરૂ કરી.

વ્હાલા વિયોગી.

વૈધરણી વનમાં જલવલે, અંધારી રાત—એ રાહ

નાથ મુકી ગયા એકલી, દાશી ઝુરી મરે આંસુ,
મારે તેડાવોને કંથજી, એકલડાં જાએ છે જાન— નાથ ૧
વિયોગથી ડીબાઉ છું, નાથ બોલવો હાલ,
એકલડાં ગમતું નથી, કેમ ભુલી ગયા વ્હાલ— નાથ ૨
વિખસમા દેશ લાગે છે, નથી સુઝતું કાંય,
આપ વિના આંસુ જાય છે, લાગે દીલડામાં લ્હાય— નાથ ૩
ભોજન ભાવે નહિં મુજને, પાણી લાગે છે કાળ,
વસ્ત્ર લાગે છે અળખાંમણા, કોને પૂછું હું બાળ— નાથ ૪
પરણ્યા હતા મુને પ્રીતથી, યાદ લાવો ને નાથ,
મારી મહીં હાથ ઝાલ્યો તો, આજુ બીડાને બાથ— નાથ-૫
દુર જઈ દુશમન દીસો, એ શું ઘટી કહેવાય,
ભુલી ગયા મુને તનથી, યાદ લાવો જ રાય— નાથ-૬
કેશું દાવા નળ દેખું છું, નથી ચેન જ રાય,
અંગમાં ભભુકા ઉઠે છે, દીલ દાહાડી દુખાય— નાથ ૭
પૈસા ટકો નથી માગતી, નથી સોનાની આશ,
ચાંદી તો નવ માગું મુખે, માગું ભેટવા ખાસ— નાથ-૮
આપવિના અન્ય વસ્તુ છે, સઘળી વિખ સમાન,
અમૃત સમ મુને આપછો સાકી દેવ છે પ્રભુ— નાથ-૯
ચકોરી ચંદ્રને ચાહાય છે, ચંદ્ર નવ ધરે ધ્યાન
ચકોરી એકલી શું કરે, ફિર લેજો આ ધ્યાન— નાથ-૧૦
જંપ નથી જરા દીલમાં, આપ વિનાઓ નાથ,
દયા જરા દીલ લાવીને, લખી રાખોને સાથ— નાથ-૧૧
વાયુવ્યાપ્યા છે આ દેહમાં, આપ વિના અથાગ,
દવા નથી વૈદ્ય પાસે તે, પ્રેમ વાયાનો ડાઘ— નાથ-૧૨
એકાન્તમાં કહી આપછું, નથી મળીયાં આ પ્રાણ,
માફ બોલાવવાને લખો, એથી દુખાય જાન— નાથ-૧૩
વચન કેમ વેગળું કરી, ખોટી ભાખો છો વાત,
એકલી મુકતાં નવ ડર્યા, થાશે પળ માંહી ઘાત— નાથ-૧૪
બાળાને બોલાવો વ્હાલથી, પ્યારા પ્રીતથી પાસ,
એવી અરજ હું ભાખું છું, વ્હાલા મળવાને ખાસ—નાથ-૧૫

સમાં નથી પ્યારા લાગતાં, વ્હાલા લાગો છો નાથ,
સઘળે અંધારૂ દેખાય છે વિના તમ સ્વામીનાથ-નાથ-૧૬
મન મ્હારૂ મુંઝાય છે, પ્યારા મળવાને કાજ,
હેત થકી બોલાવીને, વિનતી સ્વીકરો આજ- નાથ-૧૭

વ્હાલા વિશેષ શું લખું ! ટુંકમા આપ સમજી જશો પ્યારા આપે મને વચન આપ્યું હતું કે હું ત્યાં જઇ તમને જરૂર બોલાવીશ છતા તમો લખો છો કે હજી થોડા દીવસની વાર છે એમ લખો છો તથી મારૂ દીલ દુખાય છે મારૂં મન મુઝાય છે પ્યારા આપના વિના આખા શહેરમાં હું આકુળ વ્યાકુળ ફરૂ છું તમારા વિના એક પળ પણ મને ચેન પડતું નથી. આપ મને જલદી બોલાવવાને નહિ લખો તો આ પ્રાણ દેહમાથી ચાલ્યો જશે ! માટે પ્યારા આપ કાંઇ એવા નિર્દય નથી કે મને તમે દુખી કરશો ! મને આપની ખાસ ખબર છે કે આપ મને જરૂર આપની શેવામા બોલાવશો વ્હાલા ટુંકમાં એટલુ જ લખુ છું કે મ્હને આપ સ્વામી વિના એક પળ પણ આ દુન્યામાં રહેવું ગમતુ નથી માટે તુરત લખી બોલાવશો. એજ.

લી વિયોગી દાસી
મોતીના સલામ

આ પ્રમાણે પત્ર લખી તૈયાર કર્યો પછી પોતાની સાસુ ધન બાઇ પાસે ગઇ અને બોલી સાસુજી આપને પત્ર લખવો હોય તો મને લખી આપો કે હું મ્હારા પત્રના ભેગો બીડી તેમનાપર મોકલાવું. આ પ્રમાણે કહ્યું એટલે ધનબાઇ બોલી. બેટા મોતી તું કાગળ નાંખવાની છે જો નાંખવાની હોય તો હું પણ લખી આપુ છું તે તું તારા કાગળના ભેગો મોકલાવજે, એમ કહી ધનબાઇ નીચે પ્રમાણે કાગળ લખવા બેઠી—

વનિન નગરતા.

વ્હાલા પુત્ર મનહરલાલ મુ. પેરીશ.

ભાઇ ત્હારો પત્ર તથા બે મોતીની વહુને એક મોકલી તે પોંચી છે અમારી તબીએત આનંદમાં છે બેહેન પણ ખુશીમાં છે. તું મોતી તથા ઝવેરાતનો વ્હેપાર કરવા લાગ્યો છે તેથી મને આનંદ થાય છે ભાઇ જે ધંધો કરે તે જોઇ વિચારીને કરજે. જો પગારૂ

અરે તે વીચાર કરીનેજ બગ્ગજે. તું સમજુ છે એટલે વધારે લખવું પડે તેમ હું ધારતી નથી. તો પણ ઉપર પ્રમાણે લખ્યું છે તેમ વ-ર્તજે અને હરઘડી ખુશીના ખબર મોકલતો રહેજે હાલ એજ

લી. ત્હારી વ્હાલી માતા

ધનબાઈના આશીર્વાદ.

ધનબાઇએ ઉપર પ્રમાણે પત્ર લખી પોતાના દીકરાની વહુ મોતીને આપ્યો. તે પત્ર અને મોતીએ લખ્યો હતો તે પત્ર બંને એક પરબીડીઆમાં ઘાલી તેણે ટપાલમ નાખ્યો અને પોતાને પીએર ચાલી ગઈ. મોતી પોતાનો પતિ પરદેશ હતો તેથી ઘણીજ મુંઝાતી હતી અને ધારતી હતી કે મ્હારો કાગળ તેમને કયારે મળશે અને તે મને તેમની સેવામાં બોલાવશે કે હું અહિંથી જાઉં એમ ધારતી હતી. તેને આખો દીવસ કોઇ પણ ઠેકાણે ચેન પડતું નહિ તેથી પોતાની નણંદ સંતોકની પાસે જઇ બેસતી. સંતોક પણ પોતાનો ભાઈ પરદેશ ગયલો હોવાથી હરઘડી ઉદાસમાં રહેતી વળી તેની ભોજાઇ તેની પાસે આવતી ત્યારે જરા આનંદમાં રહેતી. વળી તેની ભોજાઈ ચાલી જતી ત્યારે ઉદાસમાં બેસતી. અને તેને હરદમ પોતાનો ભાઈ યાદ આવતો.

પ્રકરણ ૬ ઠું.

દોહરો.

પ્રીત થકી પધારીયાં પ્રીતે મનહર પાસ,
ધીરજલાલ મોતી થઇ ગયાં પ્રીતથી ખાસ;
ધન કમાયો ધૈર્યથી ખુશી થયા સઉ ખાસ,
પ્રીત થકી પાછા વળ્યા આવ્યા માતા પાસ.

એક દીવસ એવો બનાવ બન્યો કે મોતીબાઇને પોતાના પતિના વિયોગના લીધે પોતાની નણંદ સંતોક પાસે સંતોકના સાસરે આવી હતી. સંતોકનો પતિ ધીરજલાલ ઘણોજ સમજુ ડાહ્યો. તેમજ વિવેકી હતો તેથી પોતે તેને ઘણાજ આદર સત્કારથી બોલાવતો પોતે કાંઈ પણ

માણસને એક પણ હુંકારો કે ઉંચા સ્વરથી બોલતો નહિં. પરંતુ જરા ખરા બોલો હતો એટલે તેને જરાપણ જુઠ પસંદ પડતી નહોતી. તેથી ખોટી બીના ઉપર તેનો સ્વભાવ જરા ગરમ રહેતો હતો. ધીરજલાલ ભણેલો ગણેલો વિદ્વાન હતો. તેને કોઇ પણ જાતનો જરા પણ અભિમાન નહોતો તે સરકારી નોકરી કરતો હતો તેમાં તેને દરમહીને ખર્ચ જોગ પચીસ રૂપિઆ મળતા હતા તેમાં તેના ઘરનાનુ ગુજરાન નભતું હતુ. તને સંતોકની સાથે ઘણી સારી રીતે બનતુ હતુ. બને જણ પવિત્ર હતા સંતોક પતિવ્રતા ધર્મ પાળતી હતી. ધીરજલાલ પણ તેમજ પાળતો હતો.

એક દીવસ એવો બનાવ બન્યો કે મોતી ધીરજલાલને ત્યા સંતોક પાશે હદયીઆરે રોવા બેઠી હતી તે ઉપરથી ધીરજલાલે પુછ્યુ મોતી તું શા કારણથી રડે છે મોતીએ નરમાશથી જવાબ આપ્યો. ધીરજલાલ ભાઇ તમારા શાળા જ્યારના પરદેશ ગયા છે ત્યારનુ કાંઇ ચેન પડતું નથી મારો જીવ ગભરાય છે અનાપાણી પણ ભાવતું નથી અને હું આખા દીવસ બેચેન રહુંછુ કોણ જાણે મને કંઈ પણ વસ્તુ વહાલી લાગતી નથી. તેમનો વીયોગ મને સહન થતો નથી તેમના વિયોગથી હુ ઝુરી મરછુ. આ સાંભળી ધીરજલાલ બોલ્યો મોતી તમે ગભરાશો નહિ મોટા છે ને પરદેશ ગયા તેમા શુ થઇ ગયુ. મરદ તો હમેશા ઠેકાણે જાય તે બાબતનો મનમા શોક લાવવો નહિ, મનહરલાલ કાંઇ એવા અણસમજુ નથી કે તેમનુ ઠેકાણું પડે અને તમને ના બોલાવે સમજ્યા. મને તો ખાત્રી છે કે તેમનું ઠેકાણું પડશે એટલે તે જરૂર બોલાવશે. મનહરલાલને ઘર તરફની તેમજ તમારી તરફની તેમજ સઘળાની તરફની ઘણીજ ચિન્તા છે જુઓને મારી સારૂ ઉપર તેમણે બે ખરાં મોતી મોકલાવ્યાં છે તે મોતી હું આજ વેચી આવ્યોછુ તેના મને તેરસેં રૂપિઆ ઉપજ્યા છે જુઓ કે એક માસ તો થયો નથી એટલામાં તો તેરસે રૂપિઆનો નફો કાઢી મોકલાવી આપ્યો. કહો હવે તેમને ઘરની બાબતની ફીકર છે કે નહિં. તમેજ બોલો. મોતી બોલી– તે હું બધું જાણુંછું, પણ મને તેમણે તેમની પાસે જલદી કેમ નહિં બોલાવી તે મને કહીને વચન આપીને ગયા છે કે હું જલદી તુરત બોલાવીશ છતાં કેમ નહિં બોલાવી હોય. મેં તેમને બોલાવવા માટે મેં પણ લખ્યો છે તેનો જવાબ હવે થોડા વખતમાં

આવશે ત્યારે મ્હારા દીલને શાન્તી વળશે. આ સાંભળી ધીરજલાલ બોલ્યો—મોતી તું પણ તેવી છે અને તારી નણંદ પણ તેવી છે તું પણ હરઘડી રોઇ જાય છે અને તે પણ હરઘડી રોઈ જાય છે તમો કેવાં અધીરાં માણસ છો કે તમારાથી જરા પણ કાંઇ સહન થઈ શકતું નથી. ધીરજ રાખો, સબુરી પકડો, સર્વે સારાં વાનાં થશે. ધીરજના ફળ મીઠા છે, ધીરજ રાખવાથી પ્રભુ સાહાય્ય. આપે છે. મોતીને રડતી જોઇ સંતોક પણ રડવા મંડી પડી તે જોઇ ધીરજલાલથી ન ખમી શકાયું તેથી ધીરજલાલ બ્હાર ફરવા ચાલ્યો ગયો પછી બંન્નો જણા પોતાની મેળેજ છાંના રહી ગયાં પછી સંતોક બોલી—

ભાભી, તમે મુઝાશો નહિ આપણે કાગળ લખ્યો છે તો તે કાગળનો જવાબ જલદી આવશે. જો તમને તેડાવવાના હશે તો આપણો કાગળ પોંચશે એટલે તુરત તાર મોકલશે એ કાંઈ એવો નોંધ નથી કે તમને ડુબે, ભાભી મારા ભાઇ ઘણુંજ ભલા છે તેના પેટમાં જરા પણ કપટ નથી આ પ્રમાણે કહે છે છતાં પણ મોતીની આંખમાંથી આંસુ તો વ્હેતાંજ હતાં, તેના મુખ ઉપર તદન ઉદાસી છવાઇ ગઇ હતી. તેનુ મુખ તદન કરમાઇ ગયું હતુ તેથી સંતોકે તેને આ બધી વાત વિસારે પાડવા માટે પેલા મોતીના આવેલા રૂપીઆ લઇ પોતાની મા પાસે જવા કહ્યું પછી બંને જણ ધનબાઇ પાસે તાબડતોબ આવ્યા. સંતોકે પેલા મોતીના ઉપજેલા તેરસો રૂપિઆ પોતાની માતાને આપ્યા. ધનબાઇએ તે રૂપિઆ પટારામાં મુકી દીધા અને તેઓની પાસે આવી અને બોલી. કેમ સંતોક આ મોતી ધીરજલાલે વેચી આપ્યા? ભાઈ તો હજાર બારશે ઉપજશે એમ લખતો હતો પણ તેરશો રૂપિઆ ઉપજ્યા વાહ ધીરજલાલ પણ હુંશીઆર છે. ધીરજલાલ નોકરીનું કામ કરે છે છતાં પણ વ્હેપારના કામમાં ઘાપ ખાય તેવા નથી. ચાલો તેરશેં રૂપિઆ છે તે હમણાં મારે ખર્ચમાં ચાલશે વળી આગળ જોશે તો તે મોકલી આપશે. બ્હેન સંતોક ભાઇને કાગળ લખે આજ મહીનો થવા આવ્યો છતાં કેમ કાંઇ જણાતું નથી. ભાઇનો તેનો કાગળ કેમ બીલકુલ નથી. આ પ્રમાણે ધનબાઇ સંતોક અને મોતી મળી જણા વીચાર કરતાં હતાં.

મણી મનહરલાલને તે મોતીના વ્હેપારમાં લગભગ ચાર આ-

આમાં પાંચ હજાર રૂપિઆ મળ્યા. તેથી મનહરલાલ આનંદમાં રહેતો હતો. એક દીવસ મનહરલાલ પોતાના ભાડે રાખેલા ઘરમાં પાન સોપારી ખાતો હતો તેવામાં તેને આગલે દીવસે બજારમાં સાંજની વખતે કાગળ મળ્યો હતો તેથી તેણે તે કાગળ રાતના વખતને લીધે ખીસામાં ઘાલ્યો હતો તેથી તેણે તે વખતે વાંચવા માંડયો હતો કાગળ વાંચી તેને ઘણો આનંદ થયો તેની સ્ત્રીનો કાગળ આવ્યો એ ટલે તેને યાદ આવ્યુ કે ખરીવાત છે ગમે તેમ કરી તેને હાલને હાલ બોલાવવી જોઇએ કારણકે હું તેને વચન આપીને આવ્યો છુ વળી તે કાચા દીલની છે તેથી તે ગભરાતી હશે માટે હાલને હાલ તાર મુકી બોલાવવી એજ સારૂં છે એમ મારી એક તાર લખી તૈયાર કર્યો અને બજાર તરફ જવા લાગ્યો બજાર જઇ તેણે મોતીના પીએર તાર મુકયો.

તાર મુકયા પછી મનહરલાલ પોતાના વેહેપારના કામમાં સામેલ રહ્યો મનહરલાલે આજ હીરા માણેક મોતી અને બીજુ પરચુરણ જવાહીર મળી બે હજાર રૂપિઆ રોકડા આપી માલ ખરીદ કર્યો હતો. આ માલમા તેને સર્વે રૂપીઆની ખાદ પડી હતી ખાદ પડવાનું કારણ વેચનાર માણસે માલ બતાવ્યો હતો ચોખ્ખો અને તેને આપ્યો જુદો વેચનારે તેની રૂબરૂ તેને બતાવેલા ખરા માલની એક બેન્ગી સીલ કરીને રહેવા દીધી અને તેવીજ તેવા તેણે બીજી એક બેન્ગી ખોટા માલની પણ તૈયાર કરી પછી બે હજાર રૂપિઆ અમુકદીનને આપવા એમ નક્કી કર્યું ખરી બેન્ગીના સાટે ખોટા માલની બેન્ગી મનહરલાલને એ ચાલકે આપી ને બેન્ગી મનહરલાલે પોતાના ઘરમા સાચવી ને મુકી રાખી. કારણ કે તે બેન્ગી સહી કરેલી હતી એટલે રૂપિઆ પુરા ભરાય અને જે દીવસનો વાયદો હોય તેજ દીવસે બોલાય તેથી તેણે તે બેન્ગી સભાળથી રાખી મુકી.

આ પ્રમાણે આ બેન્ગી માટે મનહરલાલને ઠરાવ થયો એટલામાં મનહરલાલનો મુકેલો તાર વિનનગર મોતીબાઇના પીએર જઇ પોહોંચ્યો મનહરલાલે મુકેલો હતો તે તાર મોતીબાઇને મળ્યો તાર વાંચી મોતી બાઇ હર્ષ પામવા લાગી અને પોતાનો સામાન પેક કરવા મંડી પડી હર્ષમાં ને હર્ષમાં પોતાનો સામાન.

પોતે જલદીથી પેક કરી નાખ્યો પછી પોતાની માતા પાસે ગઈ અને બોલી—માતાજી મારા પતિનો તાર આવ્યો છે તે મને ત્યાં બોલાવે છે માટે હું આજની ટ્રેનમાં જઈશ. માતાજી તારી આજ્ઞા હોય તો જાઉં. તેની માતા બોલી. બેટા ખુશીથી જા તારો પતિ તને બોલાવશે તો પછી અમારાથી તને કેમ રોકી શકાશે. બેટા ખુશીથી જા અને તારા પતિના સુખ દુઃખમાં જલદી જઈ ભાગ લે અને સુખી રહે બેટા તું એકલી શી રીતે જઈશ અત્યારે કોઈ માણસ નવરો નથી નહિ તો તારી સાથે જરૂર મોકલું ગુમાસ્તા વિગેરે પોત પોતાને ઘેર ગયા છે. તે સાંભળી મોતીબાઇ બોલી માતાજી તમે શી ફીકર કરો. મને એકલીને ઘણી ખુશીની સાથે ત્યાં જવાની હિંમત છે હું કાંઈ એવી બાળા નથી કે છેતરાઈ જાઉં મારૂં શીલ મેં પાળ્યું છે તો [illegible] છે માતાજી મારી સાથે કોઈ પણ માણસ મોકલવાની જરૂર નથી હું મારા ઠીકાણે એકલી ચાલી જઈશ તમે મારે માટે બીલકુલ ચિન્તા ન કરો જ્યારે હું ત્યાં પહોંચીશ કે તુરત તમને તારથી ખબર આપીશ હું મારા પતિ ઉપર હાલ તાર મુકું છું અને તેમને જણાવું છું કે આજ નીકળી તમારી તરફ આવું છું માતાજી તમે કાંઈ વાતે ફીકર રાખશો નહિ હું મારા નણંદ પાસે અને મારી સાસુ પાસે જાઉં છું તેમની પણ આજ્ઞા મેળવવી જોઈએ તેમની આશીષ લઈને જાઉં તો સુખી થાઉં.

આ પ્રમાણે કહ્યું એટલે તેની માતા બોલી બેટા એકલું ન જવાય કારણ કે દૂર દેશાવરનો મારગ છે વળી પાણી માર્ગે જવાનું છે માટે ગમે તે માણસને સાથે લીધા વિના તો જવાય જ નહિ. આ પ્રમાણે કહ્યું એટલે મોતી બોલી માતાજી મારી સાસુને પુછી ગમે તે માણસને સાથે લઈને જઈશ તમારૂં કહેવું સત્ય છે. આ પ્રમાણે કહ્યું એટલે તેની માતા બોલી—બેટા જા તારી સાસુને પુછી આવ અને સત્વર તૈયાર થા આ પ્રમાણે વાત કરી ઉઠી બેની હર્ષ ભેર પોતાની સાસુ તથા નણંદ પાસે આવી અને બોલી સાસુજી મારા પતિનો તાર આવ્યો છે અને મને ત્યાં બોલાવે છે જો આપની આજ્ઞા હોય તો હું તે તરફ જાઉં. તે સાંભળી ધન—બાઇ બોલી. બેટા ખુશીથી જા અમારી તને પુર્ણ આશીશ છે પણ બેટા, કોઈ માણસને સાથે લઈ જજે એકલી જતી નહિ. કારણ કે એક માસનો રસ્તો છે વળી પાણી માર્ગે જવું છે રસ્તામાં તને ઘણી અડચણ પડશે. [illegible]

કદી કોઇશ તો મુંઝવણ પડશે. માટે માણસને લઇને જજે બેટા જુલી સુકી એકલી જતી એકલી જઇશ તો તું મહા મુંઝાઇ જઇશ માટે બેટા મારૂં કહ્યું માની માણસને સાથે લઇને જજે. બેટા તને મારી પુર્ણ આશીશ છે જાવ ફતે કરજો આ પ્રમાણે કહ્યું એટલે મોતી બોલી વારૂ સાસુજી આપની આશીશ મને ફળી ભુત થાઓ (સંતોક તરફ જોઇને) સંતોકબા હું આજની ટ્રેનમાં તે તરફ જઇશ ત- મારે તમારા ભાઇને કાંઇ કહેવું કરવું હોય તો મને કહેજો કાંઇ લા- વવું કરવું હોય તો કહેજો સંતોક બા મારી સાથે લાલ કોઇ બીજું આવી શકે તેમ નથી અને સમજવાનું કહેવું એમ છે કે સાથે આદ- મી શિવાય દુર પરદેશ જવું એ ઠીક નહિ માટે ધીરજલાલ મારી સાથે આવે તો શું હરકત છે? સંતોક બોલી તેમને પુછી જોઇ- એ તારે સમજાવું પડે હા કહે અગર ના કહે તે કાંઇ તારે ખબર છો જો આવે તો ઘણી સારી વાત છે. તારી તે ત્યાં આવશે અને મા- રા ભાઇ ભેગા વેપાર કરશે તો સારા પૈસા પેદા કરશે, જો આવે છે તો હું તેમને એ નાતો કહી તારી સાથે મોકલાવું છું ગભરાશો નહિ ઘણું કરીને ન આવશે તો બનાવ કારણ કે તેમનો પણ દુર દેશાવર જવાનો ઘણો શોખ છે માટે તે ના તો નહિ જ કહે. માટે ચાલો આપણે તે તરફ જઇએ એમ કહી બન્ને જણું તે તરફ જવા લાગ્યા. ધીરજલાલને મળ્યા અને સંતોક બોલી પ્રાણનાથ તમારી ભાભી મારા ભાઇ પાસે પરીસ જાય છે તો તેની સાથે તમે જા- વતો કાંઇ હરકત છે? આ સાંભળી ધીરજલાલ બોલ્યો કાંઇ જ હર- કત નથી મને કોઇ જાતની હરકત નથી આ સાંભળી સંતોક બોલી વારૂ પ્રાણનાથ ત્યારે આપ તેમને મુકવા જાવ છો તો આપ મારા ભાઇની સાથે રહી ત્યાં વહેપાર કરશો તો ઘણું સારૂં. મારા ભાઇ તમને વેહેપારમાં બરાબર હોશીઆર કરી દેશે અને જો ત્યાં વેહેપાર કરશો તો આ આપણી સ્થીતી જે છે તે બદલાઇ જતાં વાર નહિ લાગે. માટે પ્રાણનાથ આપ એમજ કરો અને ખુશીથી જાવ અને માન મેળવો અને ખુશીથી પધારો પ્રભુ તમને સાહાય કરશે પ્ર- ભુની કૃપા આપણા ઉપર સારી હશે તોજ આ પ્રમાણે બનાવ બન્યો હશે. આ પ્રમાણે કહ્યું એટલે ધીરજલાલ બોલ્યો વારૂ મોતી બેનની સાથે જઇશ પરંતુ મનહરલાલને તારથી ખબર આપવી જોઇએ કે અમે અમુક ટ્રેનમાં તમારી તરફ આવીએ છીએ તાર

મુકીશું તો તે સામા લેવા પણ આવશે. આ સાંભળી સંતોક બોલી હા આશ્ચર્ય ભરી વાત છે. ભાભી, આપણે તારથી ખબર આપીએ તો કેમ વારુ? મોતી બોલી મ્હારો પણ વિચાર એમજ છે તારથી ખબર આપવી એ ઘણું સારૂ છે પરંતુ ધીરજલાલ તમે તૈયાર થજો આજેજ આપણે રવાના થવું છે. આ પ્રમાણે કહ્યું એટલે ધીરજલાલે પોતાનો સામાન પેક કરવા માંડયો અને મનહરલાલ ઉપરનો તાર પણ લખી તૈયાર કર્યો અને બજાર જઇ તાર મુકી દીધો સાંજ પડી એટલે મોતી તથા ધીરજલાલ બને બંદર ઉપર આવ્યા તેમને વળાવવાને તેમના સર્વે સગા વ્હાલા બંદર સુધી આવ્યા હતા. મોતી તથા ધીરજલાલ સ્ટીમરમાં ચઢી બેઠા, ટાઇમ થયો એટલે સ્ટીમર ચાલવા માંડી પછી સર્વે સગા વાહાલા ઘર તરફ પાછા ફર્યા.

પછી મનહરલાલને ધીરજલાલનો તાર મળ્યો વાંચી ઘણો જ હર્ષ પામવા લાગ્યો પોતે બે હજારનો ઝવેરાતનો માલ લીધો હતો તેમાં તેને બીજા બે હજાર મળે તેવું હતું તેથી એક તો નફાનો પણ તેને આનંદ હતો તેથી આનંદમાને આનંદમાં રાત નીકળી ગઇ.

બીજે દીવસે પેલો ઝવેરાતનો માલ આવ્યો હતો તે ખોલવા-નો વાયદો હતો તેથી મનહરલાલે પેટી ખોલી તો પેટીમાંથી ત-મામ માલ ખોટો નીકળ્યો તેથી મનહરલાલ ગભરાવવા લાગ્યો અને તેને ખાત્રી થઇ ગઇ કે કોઇ ઠગ મળ્યો પોતે ઘણી ચિન્તા કરવા લાગ્યો પણ શું કરે તેમાંનું કાંઇ વળે તેવું નહોતું તેથી લા-ચારી સાથે બેસી રહ્યો. ધીરજલાલ અને પોતાની પત્ની આવવાની હતી તેથી તેને ફીકર થવા લાગી કે પાસે પૈસાનો સગવડ નથી અને તેઓ આવશે તો તેઓ પણ મારી જોડે દુઃખમાં પડશે. પ્ર-ભુ હેં એકાએક મારા ઉપર ક્યાંથી દુઃખ નાખી દીધું! હેં મારા ઉપર આવો જુલમ કરવા માંડયો છે? પારકા પરદેશમાં મારો અહિં કોણ બેલી છે? મને અહિં કોણ સાહાય કરશે? વેહેપારીઓમાં હું વેહેપાર કરૂં છું તેથી મારા ઉપર રીસે બળ્યા છે. તેઓ આ વાત જાણશે તો ખુશી થશે હાય પ્રભુ તેં મારા ઉપર આવો જુલમ ગુજારવા માંડયો છે હાય આટલે દુર દેશાવર આવ્યો છતાં પણ સુખ નહિં, હવે? પૈસા થઇ રહ્યા છે અને ઘરે આવવાથી મેં [illegible]

આવવાના છે. હાય હવે હું શી રીતે નીભાવીશ હું એકલો હોત તો ગમે તેમ કરી નીભાવી લેત પણ આતો એકના બદલે ચાર માણસ થયાં, કોઇ નહિં પ્રભુ કરશે એ ખરૂં છે પ્રભુ મને અહીં સુધી લાવ્યા છે તો તે મને સાહાય કેમ નહિં કરે તેજ સાહાય કરશે

આ પ્રમાણે દરરોજ વીચાર કરતો હતો બીચારાએ બજારમાં જવું પણ તજી દીધુ હતુ અને પોતાના દીવસો ઘણી મુસીબતથી કાઢતો હતો. લગભગ વીસ દીવસ સુધી ઘરમાજ બેસી રહયો બીલકુલ વેહેપાર સરખો પણ કર્યો નહિં અને પોતાના દીવસો સુખે દુ:ખે કાઢયા પોતે બજારમા વેહેપાર કરતો હતો તેથી લોકો તેને જાણતા હતા કે મનહરલાલ ઝવેરાતનો વેહેપાર કરે છે. એમ ધારી કેટલાક લોકો જુજજાત ચીજો તેના ઘર આગળ આપવા આવતા તેમા થોડી કીમતનો માલ હોતો તો તે ખરીદતો અને જુજજાજ નફો તેને મળતો અને પોતાના દીવસો નીભાવતો લગભગ એક માસ થયો એટલે ધીરજલાલને ત્યા તેની બહેરીને સ્ટીમરમાંથી ઉતરવાનો વખત થયો તેથી બંદર ઉપર તેમના સામો ગયો સ્ટીમર આવી એટલે તેઓને લઇ ઘર તરફ આવ્યો પરંતુ પોતે મનમાં ઘણોજ મુંઝાતો હતો પરંતુ શુ કરે આટલા દીવસ દીવસ પરદેશ રહયો છતા તેની પાસે એક કોડીનો પણ વધારો થયો નહોતો પોતે કેવુ કરીને લાવે તેમનો હતુંજ નહિ કારણ કે પોતાને કેવું કરવું પડે તેની તેને મોટી ચીડ હતી ઘરની અંદર અનાજ સરીખુ પણ નહોતું તેથી પોતે ઘણી જ લાચારી ભોગવવા લાગ્યો તેઓના મોઢે આ પ્રમાણે વાત થઇ શકે તેમ નહોતુ જો કહેતો ભળી શકે તેમ હતું. કારણ કે તેની બૈરી બે હજારનો દાગીનો પહેરીને આવી હતી પરંતુ આ ગરમ તેની ઉપર ઢાંકતેમ નહોતુ તેથી તે બીલકુલ બોલ્યો નહિ પછી ધીરજલાલ ચતુર હતો તેથી સમજી ગયો કે મનહરલાલ પાસે પૈસા ખુટયા લાગે છે માટે ગમે તેમ કરી તેમને મુકતી રચી પૈસા આપવા જોઇએ એમ ધારી સો રૂપિઆની નોટ તેના હાથમાં આપી એટલે મનહરલાલ જરા સાનુમાં ખેંચાવવા લાગ્યો અને ના કહેવા લાગ્યો પરંતુ ધીરજલાલે તેને આગ્રહથી પણ નોટ આપી એટલે મનહરલાલ બજારમાંથી સર્વ ચીજો લાવ્યો ઘર આગળ પોતાની બહેરી પાસે રસોઇ કરાવી

સઘળા જાણ્યાં અગાઉને ગમેલી ખાદની ખબર પડી તેથી સઘળા દીલગીર થયા. મનહરલાલે પોતાની બઈરીને ચુપકીથી કહ્યું વ્હાલી મારે ખાદ ગઈ છે વ્હેપાર કરવાનું હવે સાધન બીલકુલ નથી વ્હેપાર કરૂં તો હું ઘડીકમાં પૈસા એકઠા કરૂં પરંતુ તે સાધન મારી પાસે હાલ નથી.

આ પ્રમાણે સાંભળ્યું એટલે મોતીએ સઘળા દાગીના પોતાના અંગ ઉપરથી ઉતારી આપ્યા અને તેને વેચી વેહેપાર કરવાનું કહ્યું તેથી મનહરલાલને જરા જરા હીંમત આવવા લાગી મનહર-લાલ સર્વે દાગીના વેચી આવ્યો અને તેના બે હજાર રૂપિઆ આવ્યા. તે રૂપિઆમાંથી વેહેપાર કરવો શરૂ કર્યો પાછો ફરીથી બજારમાં જવા લાગ્યો સાથે પોતાના બનેવીને પણ બજારમાં લઇ જતો હતો અને વેહેપારથી વાકેફગાર કરતો હતો ધીરજલાલ પણ હુંશીઆર હતો તેથી વેહેપારના કામમાં સારી રીતે માહિતગાર થયો મનહરલાલ એકલો હતો ત્યારે તેને ફાવતું નહોતું. તેથી ધીરજ-લાલના આવવાથી તેને આનંદ થવા લાગ્યો પોતાની બઈરીના બે હજારના દાગીનાના રૂપિઆમાંથી તેણે ધીરે ધીરે વ્હેપાર કરવા માંડ્યો. લગભગ બે માસમાં દશ હજાર રૂપીઆ નફાના મેળવ્યા. ધીરજલાલને પણ બે હજાર રૂપીઆ બે માસમાં પેદા કરાવ્યા જેથી ધીરજલાલ ખુશ થઇ ગયો

આ ત્રણે જણા મનહરલાલને નફો મળ્યા પછી પ્રફુલિત હૃદયથી પોતાના મકાનમાં એક રાજા તરીકે રહેવા લાગ્યાં. તેઓ હરદમ આનંદમાં દીવસો કાઢતા હતા. મોતીના આ-વ્યા પછી મનહરલાલને સારી પેદાશ ચાલવા માંડી મનહરલાલ ઘણોજ પૈસા પેદા કરતો થયો તેમ ધીરજલાલને પણ રળાવતો હતો ધીરજલાલ સાથે હતો તેથી મર્યાદા મુકી મનહરથી તેની બઈરી સાથે ખુલાસાબંધ વાતચીત થતી નહોતી તેથી એવો વખત આ-વતો એટલે ધીરજલાલ ફરવાનું બાનુ કાઢી બાહાર જતો એટલે મનહરલાલ અને મોતી હાસ્ય વીનોદથી વાતો કરતાં અને રાજાસમાન સુખ માનતા. મોતીના આવ્યા પછી મનહરલાલ ફક્ત એકજ વ-રસ રહ્યો એક વરસમાં મનહરલાલે એક કરોડ રૂપિઆ પેદા કર્યા અને ધીરજલાલને પણ દશ બાર લાખ રૂપિઆ પેદા કરાવ્યા.

તેથી [illegible] મનહરલાલને ઘણું સુખ માનવા લાગ્યો. પોતે ગરીબ હતો અને દશ બાર લાખ રૂપિઆ મળ્યા હતા તેથી તેને તો એ નવા જન્મની માફક લાગ્યું હતું અને જગનું તેજ અસલ કરતાં ઘણુંજ વધી ગયું હતું. બંને જણ નરમ સ્વભાવના તેમજ ભોળાં દીસતા હતા. મનહરલાલને ત્યાંથી નીકળવાનું થયું હતું તેથી તે શહેરના ગરીબ લોકોના તરફ પૈસા વેહેંચ્યા, તેઓને ભરપુર જમાડયું તેઓની આશીશ મેળવી તેથી આખા શહેરના ગરીબ લોકો તેમની જે બોલવા લાગ્યા અને તેમને આશીરવાદ આપવા લાગ્યા કેટલાક શેઠીઆઓ વેપારીઓ સરકારી ઓફીસરો, તેમજ શેહેરના શાહુકારો તેમને બંદર સુધી વળાવવા આવ્યા હતા. તેમને એક [illegible] ગારડી તથા ફુલના હાર [illegible] આપી તેમને હદથી [illegible] [illegible] ફરવા લાગ્યા [illegible] તરફ રવાના થયા.

મનહરલાલનો [illegible] એક [illegible] અત્યંત પૈસો લઇ આવ્યો છે [illegible] પણ [illegible] નહોતો. [illegible] પોતાની [illegible] કરી શકે પાસે વંચાવ્યો હતો તે [illegible] પણ ઘણીજ આનંદ પામવા લાગી. હર્ષને હર્ષમાં એક માસ જલદી વીતી ગયો. એક માસ પુરો થયો એટલે સર્વે ભાઇ ભાંડુઓ તેને બંદર ઉપર સામા વધાવી લેવા સારૂ ગયા હતા. સ્ટીમર આવી ઉભી રહી એટલે સર્વ [illegible] પોતાનો સામાન તથા રૂપિઆની તીજોરીઓ ઉતારી સર્વ [illegible] કુસળ અને મોંઢાથી તથા કંકુથી તેમને વધાવી લીધા [illegible] ગાડીઓમાં [illegible] સર્વે માણસ ચાલતા પછી ઘર આગળ આવ્યા.

પ્રકરણ ૭ મું.

નવિન નગરના રાજાથી મુલાકાત.

દોહરો.

દ્રવ્ય લઇ ઘર આવીયો, કરી રાજાથી પ્રીત;
ગુણકાને શીક્ષા કરાવી, વેર વાળ્યું ખચીત;
પ્રભાનગરી પ્રેમથી, આવી ધીરજલાલ;
નેક ટેકથી તે રહ્યા વધ્યો પ્રભુનો વ્હાલ.

ધીરજલાલના પરીસ ગયા પછી એવો બનાવ બન્યો કે ધીરજલાલની સ્ત્રી સંતોક પોતાના પતિને ત્યાં દરરોજ રહેતી હતી, કારણ કે પોતાની માનુ વૃદ્ધ હતી તેથી તેને ઘરનુ કામ કરવું, એ મુશીબત લાગતુ હતુ તેથી સંતોક ત્યાંજ રહેતી હતી સંતોકના સાસરાના પાડોશમાં કેટલાક બદફેલી માણસો રહેતા હતા તેઓનુ ઘર સંતોકના સાસરાની પડોશમા હતું તેથી તેઓ હરહમ પોતાના ઘરમાં જુગાર રમતા અને બદ કામથી વર્તતા. તેને ત્યા દરરોજ જુદી જુદી જાતના માણસો આવતા હતા વખતે જુગારમા કાઇને ખોટ જતી તો ચોરીઓ પણ કરતા હતા. આ રીતે બદચાલના માણસો સંતોકના સાસરાની પાડોશમાં રહેતા હતા. તેઓનુ ઘર સંતોકના સાસરાના ઘર સામેજ હતુ સંતોક અતિશય રૂપવતિ હતી તેથી તે બદફેલ પાડોશી તેના ઉપર ખરાબ નીજરા રાખતો હતો જ્યા સુધી ધીરજલાલ દેશમા હતો ત્યાં સુધી આ લુચ્ચા માણસોને કાંઈ પણ ફાવતું નહોતું પરંતુ ધીરજલાલ પરદેશ ગયો એટલે તેમને સારી રીતે ફાવવા માંડ્યુ

એક દીવસ એવો બનાવ બન્યો કે, આ બદફેલી માણસને ત્યા પાંચપચાસ માણસ જુગાર રમવા સારૂ આવ્યા હતા. તે વખતે સંતોક પોતાના ઘરમાં પરચુરણ કામ કરતી હતી. તે વખતે આ માણસ કાંઈ બાનુ કાઢી સંતોકના ઘરમા તેની સાસુ પાસે ગયો, સંતોકની સાસુ એમ નહોતી જાણતી કે આ માણસો જુવારી છે. તેથી તે પોતાના ઘરમાં આવતો હતો તો પણ તેને કાંઇ કહી શકતા નહોતા, આ માણસ તેના ઘરમાં આવતો હતો તેથી સંતોકને સારૂ લાગતું નહોતું કારણકે સંતોકતો તેને તેની

બીહામણી આંખ ઉપરથીજ વરતી ગઈ હતી કે આ માણસ બદફેલી છે આ માણસ ઘરમાં કોઇ કોઈ વખત આવતો એટલે સંતોક તેનાથી ડરીને પોતાની સાસુ પાસે જતી રહેતી તેથી આ બદફેલી માણસને સંતોકને મીલાવવા સારૂં બીલકુલ ફાવતુ નહોતુ. આ દીવસે સંતોકના ઘરમાં આ માણસ આવ્યો હતો ત્યારે સંતોકની સાસુ કાંઈ કામ સારૂં બહાર ગઈ હતી અને ઘરમા સંતોક એકલી હતી.તેથી તેને વાત કરવાનો સારો પ્રસંગ મલ્યો હતો તેથી બોલ્યો સંતોક, તમારા પતિ બહાર ગામથી કયારે આવવાના છે? આ પ્રમાણે તેણે પુછ્યુ એટલે સંતોક બોલી—તેમને આવવાને હજુ એક માસની વાર છે, બદફેલી બોલ્યો—તમને તેમના વિના એકલું કેમ ચાલી શકે છે? સંતોક બોલી—એમાં શુ થઈ ગયુ પતિ પરદેશ કમાવવા સારૂ ગયા હોયતો શા માટે ચલાવવુ ન જોઇએ; ચલાવવુ ન ચલાવવુ એ આપણા પોતાનાજ હાથમા છે,

આ પ્રમાણે વાત ચીત કરી આ બદફેલી માણસ પોતાની પાસેથી બાટલી ખોલી પાન બીડી ખાવા બેઠો. એક પાન બીડી પોતે ખાધી અને બીજી સંતોકને આપવા લાગ્યો. તથી સંતોકે તે લેવાને સાફ ના પાડી અને કહ્યુ

તમારે મરદ માણસે થઇ મારી સાથે વાત કરવી અને મને પાન આપવું એ ઘટીત છે કે? તમારે મારી સાથે વાતચીત કરવાનું કે પાન બીડી આપવાનુ શુ પ્રયોજન છે? તમે તમારે મારી સાસુ આવે એટલે તેમની સાથે વાત ચીત કરજો.મારી સાથે તમારે બીલકુલ વાતચીત કરવી નહિ.

આ પ્રમાણે કહ્યુ એટલે આ બદફેલી માણસને ઘણીજ ચિન્તા થવા લાગી અને વિચાર કર્યો કે આ વખતે તેની સાથે જોર જુલમ કરીશું તો કોઈ પણ જાતની હરકત આવશે નહિ અને હું ખુશીથી ફાવી જઇશ કારણ કે તેની સાસુ બહાર ગઈ છે અને તે મોડી આવવાની છે માટે અત્યારે હું જેવુ કરીશ તેવું મને ફાવી જશે એમ વિચાર ધારી સંતોક ઉપર બળાત્કાર કરવા માંડયો.એટલે સંતોકે બુમે બુમ પાડવા માંડી આખા મહેલ્લામા કોઇએ તેની બુમ સાંભળી નહિ. અને કોઇ ત્યાં આવ્યું નહિ તેથી સંતોક સમજી ગઇ કે જો તેની સાથે રગઝગ કરવા જઇશ તો મારી આબરૂ જશે, મારો પ્રતીજ્ઞા ધર્મ જશે અને જીન્દગી રદ થઇ જશે માટે

આ સુરખાને લાલચ બતાવવી સારી છે. જો કદાચ આ પ્રમાણે તિરસ્કાર ન થયો હોત તો આ બદફેલી તેની આબરૂ લેવાની છેક આગળ સુધી આવી પહોંચ્યો હતો. તેથી તિરસ્કાર ધારી બોલી ધીરજ રાખો લાલ તમે કેમ આટલા બધા અધીરા બની ગયા છો હું તો તમારી પરીક્ષા કરતી હતી કે તમે કેટલા પાણીમાં છો એ કશાં લખને કાંઈ પણ બાબત માટે ના કહી છો! આ પ્રમાણે કહ્યું એટલે આ લાલને ખાતરી થઇ કે સંતોક મારા પર પ્યાર રાખે છે.પરંતુ આપણે [illegible] ઇમાનમાણસનું પારખું જોવું જોઇએ તેથી જ તેણે માત્ર પારખું જોવાની ખાતરજ મને ઉપર પ્રમાણે કહ્યું હશે. એમ ધારી બોલ્યો, ત્યારે બોલને તારો શો ઇરાદો છે. જે હોય તે મને કહી દે કે હું તે પ્રમાણે કરું સંતોક બોલી કહેવાનું એટલે એટલુંજ કે તમે હાલ આવ્યા છો એ વાત ખરી છે પરંતુ હવે થોડા વખતમાં મારા ખાવિંદ આવશે અને આપણું ભોપાળું જણાઇ જશે માટે હાલ તમે તે વાત જવા દ્યો અને [illegible] તમે મને આ વખતે મારા ઘરમાં મળજો એટલે [illegible] કામ સાધજો.

આ પ્રમાણે કહ્યું એટલે લાલને ખાતરી થઇ કે હવે તે જરૂર મહાગીજ છે. અને તે મને ખરુંજ કહે છે તેના ધારો તે વખતના [illegible] આવ્યા વિના પાછા જવા માટે કબુલ કર્યું આહાહાહા!!! કામી પુરુષો જ્યારે કામ માટે ગાંડા થાય છે. ત્યારે ચતુર સ્ત્રી તેને [illegible] વખત ગુમાવી દે છે અને તેની સાથે જરા [illegible] રીતે વાતચીત કરે છે ત્યારે પોતે [illegible] કે આ સ્ત્રી હવે મને જરૂર પ્રેમદાનથી અને મારા મનના મનોરથ પુરા કરશે.પરંતુ સુરખા એમ નથી સમજતો કે, મને [illegible] કરી પાછો મોકલ્યો છે આ લાલ ત્યારે [illegible] પાછો જવા માટે કબુલ થયો એટલામાં સંતોકની સાસુ [illegible] બહારથી આવી તેવી પોતે ઘરમાં દાખલ થતી હતી ત્યારે આ બંને જણને તેણે ઉપર પ્રમાણે વાત કરતાં જોયા તેથી તે બોલી—

સંતોક તું આની સાથે શું વાત કરતી હતી! તારે જુવાન માણસે તેની સાથે વાત કરવી એ સારૂં કે! મારી ખેર હાજરીમાં તેં તેને શા માટે ઘરમાં દાખલ કર્યો!

સંતોક બોલી—બાસુજી એમાં મ્હારો જરા પણ વાંક નથી તેતો ખાસ તમને જ મળવા માટે આવ્યો છે, અને તમે નહોતા તેથી તે મારા ઉપર ખોટી દાનત કરતો હતો પણ મે તેમાં મ્હારી અરિત કરી પાછો કાઢવાને નક્કી કર્યું એટલામાં તમે આવી પોહોંચ્યા તે સારૂં થયું જો તમે આ વખતે ન આવ્યા હોત તો કોણ જાણે શું થઈ જાત પણ પરમેશ્વરે મ્હારી લાજ રાખી છે

આ પ્રમાણે કહ્યું એટલે એની સાસુ અબદુલીબાસ ઉપર અતિશય ગુસ્સે થઈ જઈ આમ બોલી.

[illegible]

[illegible]

[illegible]

[illegible] કરીશ.

[illegible] તમારાથી નથી બીવાતો

ઝવેરી—[illegible] હવે જોઈએ શું થાય છે, આ [illegible] અબદુલ અબદુલીબાસ અતિશય [illegible] એકદમ [illegible] લાગ્યો [illegible] લાગ્યાં.

સંતોક—સાસુજી, જો તમે વ્હેલા ન આવ્યાં હોત તો આ નફટ મારા ઉપર જરૂર જુલમ કરેત.

ડોશી—બેટા તું શું કામ ગભરાય છે હવે એ મુવાની શું મજે થાય છે તે તું જોયા કરજે. એ મુવા છાકટાના તો બારેજ વગાડી દીધા વિના એ પાશેરો નથી થવાનો.

આ બનાવ બની ગયા પછી થોડીકવારમાં મનહરલાલ ધીરજલાલ અને મોતીબાઈ ત્રણેને સ્ટીમરમાંથી ઉતરવાની તૈયારી હતી તેથી તેમના સર્વ સગા વ્હાલા તેમને સામા લેવા સારૂ દરીઆ કીનારે આવ્યા હતા. થોડોક વખત વીત્યો એટલે સ્ટીમરમાંથી ઉતર્યો. મનહરલાલના સગા વાહાલા મનહરલાલ પૈસા પેદા કરી દેશમાં આવવાના હતા તેથી ઢોલ, વાજાં, તાંસા વગેરે લઇ આવ્યા હતા તેથી તેઓ ઉતર્યા એટલે વાજાં, તાસાં, વગડાવવા શરૂ કર્યાં અને હદથી જાદે માન આપવા લાગ્યા. તેમને ફુલના હાર તથા ફુલની છડીઓ આપી તથા તેમના ઉપર ફુલોનો વરસાદ વરસાવવા લાગ્યા. મનહરલાલના કેટલાક મિત્રો તેને મળવાને આવ્યાં હતા તેઓ તેમને ઘણીજ સારી રીતે મળ્યા. જેઓ તેમને મળવા આવતા તેઓને ઘણીજ સારી રીતે માન આપી ભેટતા અને ઘણીજ નમ્રતાથી વાત કરતા મનહરલાલ અને ધીરજલાલ ઘણા પૈસા પેદા કરી લાવ્યા હતા તેથી સ્ટીમરમાંથી તીજોરી ઉતારી સર્વ માલ બ્હાર કાઢયો પછી જોઇતી ભાડાની ગાડીઓ મંગાવી સર્વ સામાન ગાડીઓમાં ભરી દીધો પછી સર્વ માણસો ગાડીઓમાં બેશી મનહરલાલના ઘર તરફ આવ્યાં, મનહરલાલ ઘણા પૈસા પેદા કરી લાવ્યો હતો હતો તેથી મનહરલાલની મા ધનબાઇની આંખમાં હર્ષના આંશુ ભરાઇ આવ્યા અને તેને એક નવા જન્મની માફક લાગ્યું હતું.

મનહરલાલ અને ધીરજલાલ ઘેર આવ્યાં એટલે તેમને સંતોકની બાબતની ખબર પડી તેથી મનહરલાલને તથા ધીરજલાલને ઘણુંજ ખોટું લાગ્યું તેઓએ ગમે તે યુક્તી રચી તેજાલને જેલમાં મોકલાવવો, એ પ્રમાણે વિચાર ધાર્યો. અને એનીજ ચિન્તા કરવા લાગ્યા. મનહરલાલને આ બનાવ બનવાથી અત્યંત ખોટું લાગ્યું પોતે પૈસા પેદા કરી લાવ્યો છતાં તેણે આ વાત સાંભળી હતી તેથી તેને એક મહાભારત દુઃખ ઉત્પન્ન થયું હતું. તેથી તેઓએ

નાઓજ વિચાર આખો દીવસ કરતા હતા. તેથી છેવટ તેમણે એવો વિચાર ધાર્યો કે માધવસેન રાજાને મળવું અને તેમને મળી આ લુચ્ચા બદફેલીને તથા રૂપાળી ગુણકાને સજા ખવડાવવી અને તેમને ખરાબખસ્ત કરી નાખવાં એવું ધાર્યું હતુ તેથી પ્રભુ કૃપાએ તેનું કામ પાર પડવાને જરા પણ વિલંબ થવા લાગ્યો નહિં. રાજાએ તેની અતિશય પ્રસંશા સાંભળી હતી તેથી માધવસેન રાજાને તેને મળવાનો વિચાર થયો તેથી તેમણે મનહરલાલને પોતાની પાસે બોલાવવા માટે ચીઠી લખવા વીગાર કર્યો પણ વળી પાછો તેને એમ વિચાર થયો કે તેઓ આજ દેશમાં આવ્યા છે માટે ફરતા ફરતા સ્વારી તે તરફ લઈ જવી સારી છે

એમ વિચાર ધારી માધવસેન રાજા પોતાના કપડા પેહેરી તૈયાર થયા અને પોતાની બગી જોડાવવા નોકરને હુકમ કર્યો એટલે નોકર થોડીકવારમા બગી તૈયાર કરી લાવ્યો પછી માધવસેન માહારાજ બગીમા બીરાજમાન થયા પછી મનહરલાલના ઘર તરફ હાંકવા હુકમ કર્યો એટલે ગાડી થોડીવારમા મનહરલાલના ઘર પાસે આવી ઉભી રહી,

માધવસેન રાજાને પોતાને ઘેર આવેલા જાણી મનહરલાલ તેમની બગી સુધી આવ્યા, તેમની સાથે ઘણુ જ્ઞાન લીધી તે જોઈ માધવસેન રાજા ઘણાજ ખુશ થયા, તેમના ઉપર અતિશય પ્રીતી વધી અને તેમને ઘણોજ આનંદ થયો. પછી માધવસેન રાજા બગીમાથી નીચે ઉતર્યા અને મનહરલાલ સાથે તેમના ઘરમા દાખલ થયા પછી મનહરલાલે તથા માધવસેન રાજાએ પેરીસ શહેરની કેટલીક નવા જુનીની વાતો કરી બને જણ અતિશય વાતો ઉપર ચઢી ગયા પછી વાત સાથે વાતમા તેણે પછી અધમ રૂપાળીની વાત કાઢી એટલે રૂપાળીને શીક્ષા કરવા માટે કબુલ કર્યું પછી પેલા બદફેલલાલની વાત કાઢી. તે વાત સાભળી એટલે માધવસેનને અતિ ખોટું લાગ્યું અને તેને પોતાની પાસે તુરત તુરત બોલાવ્યો એટલે સીપાઇ તેને બોલાવવા સારૂ ગયો. એટલે બદફેલીલાલ હાથમાં પોતીયું લઈ ગભરાતો ગભરાતો ધ્રુજતા શરીરે માધવસેન રાજા પાસે આવી ઉભો રહ્યો, એટલે માધવસેન રાજાએ તેને ધમકાવીને કહ્યું. એટલે તે બીહીનો બીહીતો બોલ્યો.

લાલ બોલ્યો—માહારાજ હું તો તેમની આસુને ગળખા ગયો હતો, હું દરરોજ તેમની સાથુ પાશે જતો હતો તેથી હું ગયો હતો માટે હજુર મારો ગુનો કાંઇ નથી મારા ઉપર નાહક ખોટું તહોમત મુકવામા આવ્યુ છે હું નિષ્કપટી છું, મેં તેમની સાથ વાતો સાચુ કર્યા નથી છે એ વાત કરી હતી સિવાય મેં કાંઇ પણ શબ્દ કહ્યો નથી માટે હજુર મારી ગરીબની [illegible] જાણવી જોઇએ

આ પ્રમાણે આ [illegible] જોઇને રાજાએ [illegible] [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible] તમો ને હું જોઉં છું તેથી મને આનંદ ઉપજે છે આ પ્રમાણે કહી રાજા પોતાને [illegible] આવ્યા નાયા.

બાકી દીકરો મનહરલાલ તથા હીરજીલાલ બન્ને માધવસેનના બગલો ગયા રાજથી અત્યંત [illegible] રાજાને તેના વીના ચાલી શકે નહિ તેની [illegible] તેઓએ માધવસેન સાથે [illegible] હતી, માધવસેન [illegible] પ્રીતી બાંધવાનું મુળ કારણ મનહરને [illegible]

હતું કે પોતાના બાપને ઠગીલેનાર ગુણકાને ત્યાં પેલા બાદશાહીલાલને ખુવાર કરવાનું જ હતું તેથી પ્રીતી બાંધી હતી, પછી એક દીવસ માધવસેન અને મનહરલાલ બગીચામાં હવા ખાવા ગયા હતા. તેથી મનહરલાલે માધવસેનને કહ્યું. આપણા શહેરમાં [illegible] પાણી કરીને ગુણીકા છે તેણે આગ [illegible] છે, માટે તે ગુણીકાને [illegible] તે [illegible] દુર કરવો જોઈએ [illegible] પુરી સજા આપવી જોઈએ, આ [illegible] આ કસબ ગુણીકા છે [illegible] ત્યાં જ [illegible] ટલે માધવસેન અને મનહરલાલ ત્યાં [illegible] સીપાઈ [illegible] રૂપાળી ગુણીકાને ત્યાં [illegible] [illegible] ગુણીકાને ત્યાં [illegible] [illegible] આપણને કાંઈ [illegible] [illegible] હીક અને માણેકચંદ શેઠના એવી પૈસા પડાવી લીધા છે આ [illegible] ખુવાર બનાવી નાખી તેનનું [illegible] એટલે બંને જણીઓ ચમકી અને બાલી [illegible] જે કામ હોય તે કહો ને [illegible] અને ગુણકાના મોઢેથી સાંભળ્યા [illegible] બળી ગયો. અને બોલ્યો સીપાઈ આ [illegible] ડાઓને સાત સાત [illegible] સજા છે તેમને જેલમાં લઈ જાવ અને તેની મીલકત લીલામી [illegible] ને બોલાવી લુંટાવી નાંખો, એ હરામ ખોરોને એ સજા બરાબર છે મારા રાજ્યમાં રહી આ પ્રમાણે તમે અનિતી કરો છો [illegible] આ વાત અત્યાર સુધી અજાણી હતી મને ખબર નહોતી કે આ લોકો આવા ધંધા કરે છે ઠીક થયું કે મનહરલાલ તમે તમે અને આ પ્રમાણે વાત કરી આવા માણસો મારા રાજ્યમાં [illegible] પણ ન જોઈએ મારી પ્રજાનો બીલકુલ કપટ [illegible] જોઈએ.

આ પ્રમાણે એ લોકોને સજા કરી છે ને અગબર કરી છે મનહર-લાલ તમે જાહેર કરશો કે આપણા રાજ્યમાં નોકરી કરવી છે જો તમારે નોકરી કરવી હોય તો તમને પ્રધાન ગીરી આપું કારણ કે હાલ પ્રધાન ની જગા ખાલી છે તે ઉપરથી મનહર બોલ્યો મારે નોકરી કરવા કરતાં સબંધ રહે તે ઘણું સારૂં છે નોકરી મારા બનેવી ધીરજલાલને આપો તો ઘણું સારૂં છે તે પણ મારા જેવાજ છે ઘણા હુશીયાર છે હું તો આપના ચરણ કમળથી વફાદારીથી કામ કરીશ કારણ કે મેં નોકરી કરી નથી એટલે મને તે નહિ ફાવે માટે મારા બનેવી ધીરજલાલને આપો તો ઘણું સારૂં આમ કહ્યું એટલે ધીરજલાલને પોતાની પાસે બોલાવ્યો અને પ્રધાનની નોકરી આપી ને મહીને પાંચસો રૂપિયા પગાર કરાવી આપ્યો અને પોતે ઝવેરાતનો વહેપાર ચાલુ રાખ્યો. સર્વે માણસોનું દુઃખ કાપી નાખ્યું અને પોતે તથા પોતાની માતા તથા સર્વે માણસો આનંદમાં રહેવા લાગ્યા ધીરજલાલ પણ ગરીબ માણસ હતો પરંતુ સાળા મનહરના મદદથી સારી પાયરી પર આવી ગયો એ તેને એક નવી જીન્દગી જેવું સુખ માન્યું અને ઘણા આનંદથી રહેવા લાગ્યા અને તેમની [illegible] ની તો દરરોજ પ્રભુની મહેરબાની પણ તેમના ઉપર દીવસે દીવસે વધવા લાગી અને સઘળે આનંદ આનંદની છાયા છવાઈ રહી તથાસ્તુ

સમાપ્ત

તાકીદે મંગાવો.

બ્હાર પડી ચુકી છે! **બ્હાર પડી ચુકી છે!**

સૌભાગ્ય સવિતા અને તરૂણ પુરૂષ

યાને વ્હેમનો આબેહુબ ચીતાર.

રસિક નોવલ.

[illegible] આ નોવલમાં વ્હેમનો આબેહુબ ચિતાર દર્શાવ્યો છે [illegible] તથા સ્ત્રીની [illegible] ખરા મિત્ર ઉપર ખોટા વ્હેમ [illegible] લખી [illegible] કી. ૦-૧૨-૦

[illegible] કી. ૦-[illegible]-૦ [illegible] પ્રકાશ.

સૌભાગ્ય સવિતા [illegible] સૌભાગ્ય સવિતા અને તરૂણ પુરૂષના [illegible] ૦-૬-૦ [illegible] છે અને [illegible] ૦-[illegible]-૦ [illegible] માટે તાકીદે નામ નોંધાવો.

[illegible] એક યુવક ગ્રહસ્થની [illegible] એક [illegible] આ નોવેલના [illegible] યુવકની [illegible] અને તેની દશાનુ પરિણામ દર્શાવી આબેહુબ [illegible] છે માટે તાકીદે નામ નોંધાવો અગાઉથી નામ [illegible] ૦-૮-૦ લેવામા આવશે અને પાછળથી રૂ ૦-[illegible] લેવામા આવશે અને [illegible] પત્ર લેવામા આવશે નહિ.

મળવાનુ ઠેકાણું.

ગોવિંદલાલ બાલાભાઇ ચોકસી.

કાળની પોળ, જમાલપુરની [illegible]—અમદાવાદ.

સૂચના.

આ પુસ્તક તથા નીચેના પુસ્તકો અમારે ત્યાંથી રોકડી કીમતે અગર વી. પી. થી મોકલવામાં આવશે.

કોઈ વેહેપારીને સામટાં લેવા હશે તો તેને કીફાયત ભાવે આપવામાં આવશે. દરેક ચોપડીઓનું પોસ્ટેજ જુદું.

[illegible] ([illegible]) કી	... રૂ. ૨-૮-૦
મહનચંદ્ર અને [illegible] કી	... રૂ ૨-૮-૦
પરમાર પ્રભુસિંહ (સતીમના) ૧લો ભાગ	૧-૪-૦
પરમાર પ્રભુસિંહ (સતી મના) ભાગ ૨જો કી.રૂ.	૧-૮-૦
સૌભાગ્ય [illegible]	રૂ. ૦-૧૦-૦
[illegible] ([illegible])	.. રૂ ૦-૮-૦
[illegible] ([illegible])	રૂ ૦-૮-૦
[illegible] કી	રૂ ૦-૫-૦
સુંદર મણી કી.	૦-૮-૦
[illegible]	રૂ ૦-૮-૦
[illegible]	.. રૂ. ૦-૪-૦

કેશવલાલ મગનલાલ દુધવાળા

ઠે. કાળુપુર—અમદાવાદ.

તથા

હીરાચંદ હરકીશન બુકસેલર

ઠે. રીચીરોડ—અમદાવાદ.

તથા

સા. જેસીંગભાઈ મોતીલાલની કું.

ઠે. રીચીરોડ—અમદાવાદ.

તથા

બુકસેલર સુંદરદાસ ભાગજી

ઠે. કાલબાદેવીરોડ- પોસ્ટ ઓફીસ [illegible]